CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883





# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 58, Dt. 06-07-2026 (MONDAY) Rs. 02/- **Page :** 31, RNI No. GUJGUJ/2023/84789

PGVCLની બેદરકારીથી 80 પરિવારોને આવી આર્થિક નૂકસાની

# પોપટપરામાં વીજ તાંડવ AC, ફ્રીજ, પંખા બળીને ખાખ

## લત્તાવાસીઓનું પીજીવીસીએલ કચેરીમાં હલ્લાબોલ લાઈટબિલનો બોયકોટનું એલાન

સિટી ન્યૂઝ@રાજકોટ

પીજીવીસીએલના માધવર સબ ડિવિઝન હેઠળ આવતા પોપટપરા વિસ્તારમાં હાઈ વૉલ્ટેજના કારણે સ્થાનિકોના એસી ટીવી ફ્રીજ પંખા સખિતના વીજ ઉપકરણો બળીને ખાખ થઈ ગયા છે. આ અંગે અનેક વખત રજૂઆત કરવા છતાં પણ કોઈ જાતનો ઉકેલ નહીં આવતા આજે ૬૦ થી ૭૦ પરિવારો માધાપર સબ ડિવિઝન ખાતે અલ્લાબોલ કર્યો હતો અને વીજ કંપની દ્વારા થતી હાલા કેની વ્યથા ખાલી હતી તેમજ આગામી દિવસોમાં નિરાકરણ નહીં આવે તો વેજબીલ નહિ ભરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.



માધાપર સબ ડિવિઝન ખાતે વિરોધ પ્રદર્શન કરતા પોષટ પરાના રહીશોએ જણાવ્યું હતું કે છેલ્લા છ મહિનાથી વીજ લાઈનમાં પાવર ડીમ-ફુલ થતો. હોવાની પીજીવીસીએલ માં અનેક વખત રૈજૂઆત કરવામાં આવી હતી છતાં આજદિન સુધી સમસ્યાનું નિરાકરણ કરવામાં આવ્યું નથી જ્યારે પણ રજૂઆત કરીએ ત્યારે ગાડી નીકળી ગઈ છે તેઓ જવાબ આપવામાં આવે છે પરંતુ આજ દિન સુધી ગાડી પોપટ પરામાં પહોંચી જ નથી તેથી સમસ્યા યથાવત રહેતા ભારે આલાકીનો સામનો કરવો પડી રહ્યો છે પાવર ડીમ-ફલ થવાના કારણે ઘરમાં રહેલા વીજ ઉપકરણોને પણ નુકસાન થવા પામ્યું છે જેમાં હાઈ વૉલ્ટેજના કારણે ફ્રીજ ટીવી વોશિંગ મશીન પંખા જેવા ઈલેક્ટ્રીક સાધનો ભળીને રાખ થઈ ગયા છે છેલ્લા ત્રણ દિવસથી પોપટપરાના રહીશો. આ સમસ્યાનો વધુ સામનો કરી રહ્યા છે નવા લાવેલા ઉપકરણો પણ બળીને ખાક થઈ ગયા છે.

વધુમાં જણાવ્યું હતું કે પીજીવીસીએલમાં વારંવાર કમ્પ્લેઇન કરવા છતાં પણ તંત્ર દ્વારા કોઈ જ નિરાકરણ લાવવામાં આવ્યું નથી.

### આવશ્યક સેવાઓ સિવાય તમામ સરકારી કચેરીમાં હાફ-ડે

# ભારે વરસાદના કારણે મુંબઈમાં વર્ક ફ્રોમ હોમના આદેશ

- મુંબઈ-ગુજરાતનો ટ્રેન વ્યવહાર ખોરવાયો
- ટ્રેનો માત્ર વલસાડ સુધી દોડશે
- મુંબઈમાં પરિસ્થિતિ હજુ વિકટ બની શકે છે



સિટી ન્યૂઝ@મુંબઈ

ગુજરાત અને મહારાષ્ટ્રમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. પાલઘર નજીક ટ્રેક પર પાણી ભરાતા મુંબઈ રેલ વ્યવહાર ઠપ થયો છે, જેના કારણે કર્ણાવતી અને જોધપુર-બાંદ્રા જેવી મુખ્ય ટ્રેનોને વલસાડ અને વાપીથી જ પરત ફેરવવાની ફરજ પડી છે. મુંબઈમાં વર્ક ફ્રોમ હોમના આદેશ આપવામાં આવ્યા છે. ટ્રેક પર પાણી ભરાતા મુંબઈથી ઉપડતી ૬ પ્રમુખ ટ્રેનોના સમયમાં ફેરફાર કરાવામાં આવ્યો છે. વસઈ રોડ- નાલાસોપારા- સફાલે- કેલવા રોડ સ્ટેશનો વચ્ચે ટ્રેક પર ભારે પાણી ભરાઈ જવાને કારણે, આજે (૬ જુલાઈ) બાંદ્રા ટર્મિનસ અને મુંબઈ સેન્ટ્રલથી ઉપડતી ટ્રેનો મોડી ઉપડશે.

### વારંવાર ટ્રાફિક રૂલ તોડનારની ખેર નહીં

# લાઈસન્સ રિન્યૂ કરવા માટે ફરી ટેસ્ટ ફરજિયાત

સિટી ન્યૂઝ@નવી દિલ્હી

કેન્દ્ર સરકાર માર્ગ સલામતીને મજબૂત બનાવવા અને માર્ગ અકસ્માતનો ભોગ બનેલા લોકોને તાત્કાલિક રાહત આપવાના હેતુથી મોટા ફેરફારોની તૈયારી કરી રહી છે. માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય એવા પ્રસ્તાવો પર કામ કરી રહ્યું છે જેમાં વારંવાર ટ્રાફિક ઉલ્લંઘનનો ઈતિહાસ ધરાવતા ડ્રાઈવરોને તેમના ડ્રાઈવિંગ લાઈસન્સ રિન્યુ કરતા પહેલા ફરીથી ડ્રાઈવિંગ ટેસ્ટ આપવાની જરૂર પડી શકે છે. વધુમાં, ઈજાગ્રસ્ત પીડિતો અને મૃતકોના પરિવારોને અંતિમ ચુકાદા પહેલા વચગાળાનું વળતર પૂરું પાડવા માટેની સિસ્ટમ પણ અમલમાં મૂકી શકાય છે. મળતી માહિતી મુજબ ટ્રાફિક ચલણ અને વારંવાર નિયમોનું



ઉલ્લંઘનનો લાંબો રેકોર્ડ ધરાવતા ડ્રાઈવરોને લાઈસન્સ રિન્યુઅલ દરમિયાન વધારાની સ્ક્રીનીંગ પ્રક્રિયામાંથી પસાર થવું પડી શકે છે. આવા કિસ્સાઓમાં, વ્યક્તિ સુરક્ષિત રીતે વાહન ચલાવવા સક્ષમ છે તેની ખાતરી કરવા માટે ડ્રાઈવિંગ ટેસ્ટ ફરીથી લેવાનું ફરજિયાત બનાવી શકાય છે. સરકાર માને છે કે આ પગલું બેદરકારીથી વાહન ચલાવવાને રોકશે અને માર્ગ અકસ્માતોની સંખ્યા ઘટાડવામાં મદદ કરશે.



વોર્ડ નં.7માં સોનીબજાર વિસ્તારમાં ગોલ્ડન પ્લાઝા પાસે 3 માળનું બાંધકામ ઉભુ થઈ ગયું

# સીલ છતાં બાંધકામ

# મહાપાલિકાને ખુલ્લી ચેલેન્જ


## મહાપાલિકાએ નોટિસ પણ ચીંપકાવેલી છે છતાંય અંદર–ખાને બાંધકામ ચાલુ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના કોઠારીયા પોલીસ ચોકી નજીક આવેલ ગોલ્ડન પ્લાઝા ખાતે ગંભીર અનિયમિતતાઓ સામે આવી રહી છે. મહાપાલિકાએ બાંધકામને ગેરકાયદેસર ગણાવીને સીલ મારી હોવા છતાં, સ્થળ પર બાંધકામ ચાલુ હોવાના ચોંકાવનારા આક્ષેપો સામે આવ્યા છે.

સ્થાનિક સ્તરે મળતી માહિતી મુજબ, તંત્ર દ્વારા સીલ માર્યા બાદ પણ બાંધકામકારો કોઈ ડર વિના કામ ચાલુ રાખી રહ્યા છે. આ ઘટના તંત્રની કાર્યક્ષમતા પર સીધો સવાલ ઉભો કરે છે. “શું બિલ્ડરોએ હવે કાયદા અને તંત્રને પણ ગણતરીમાં લેવાનું બંધ કરી દીધું છે?” એવો સવાલ લોકોમાં ઉઠી રહ્યો છે.અગાઉ આપવામાં આવેલી લેખિત અરજીમાં પણ જમીન અને બાંધકામ સંબંધિત ગેરરીતિઓ અંગે ફરિયાદ કરવામાં આવી હતી. છતાં અત્યાર સુધી કોઈ કડક પગલાં લેવામાં આવ્યા નથી, જેના કારણે બિલ્ડર તંત્રને અવગણીને કામ ચાલુ રાખી રહ્યા હોવાનો આરોપ છે.સ્થાનિક લોકોમાં રોષ ફાટી નીકળ્યો છે. લોકોનો આક્ષેપ છે કે જો મહાપાલિકા દ્વારા સીલ માર્યા પછી પણ બાંધકામ ચાલુ રહે, તો એ સીધો તંત્રની નિષ્ફળતા અથવા મિલીભગત તરફ ઈશારો કરે છે. હાલ આ મામલે મહાપાલિકા  તંત્રની ભૂમિકા પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. હવે જોવાનું રહ્યું કે તંત્ર આ મામલે કડક કાર્યવાહી કરે છે કે પછી ફરી એકવાર “વેઈટ એન્ડ વોચ”ની નીતિ અપનાવે છે.

**,, જાગૃત નાગરિકે તંત્રની પોલ ખોલી**








## પાલિતાણામાં હાહાકાર : વનરાજે પગને આંટી મારી ડણક મારી

# માલધારી ઉપર સિંહનો ખૌફનાક હૂમલો : કેમેરામાં લાઈવ હૂમલો કેદ




માલધારી પર સિંહે અચાનક હુમલો કરી જમીન પર પાડી દબોચી લીધો.




સિંહે માલધારીના પગને આંટી મારી ડણક ભરી, જીવ બચાવવા માલધારી સંઘર્ષ કરતો રહ્યો.




આસપાસના લોકો બૂમાબૂમ કરી પથ્થરમારો કરતા સિંહને ભગાડવાનો પ્રયાસ કર્યો.




સિંહ ભાગી જતાં ઈજાગ્રસ્ત માલધારીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો.

## જાહેરમાં સિંહના હૂમલાથી વનવિભાગ ટીમ સક્રિય



**સિટી ન્યૂઝ@પાલિતાણા**

ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના ગરજીયા ગામે આજે ૬ જુલાઈ સવારે સિંહે એક માલધારી પર હુમલો કર્યો હતો. જેનો લાઈવ વીડિયો વાઈરલ થતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. આ લોહિલુહાણ માલધારીને તાત્કાલિક સારવાર માટે પાલિતાણાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વન વિભાગ દ્વારા હાલ આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે.

વીડિયોમાં જોઈ શકાય છે કે, એક સિંહ માલધારીને જમીન પર દબોચીને બેઠો છે અને આસપાસ ઉભેલા લોકો જોરજોરથી બૂમો પાડી રહ્યા છે. માલધારી પોતાનો જીવ બચાવવા માટે વલખા મારી રહ્યો છે અને સિંહને હાથ ફેરવતો પણ દેખાઈ છે. સિંહે પગને આંટી મારીને ડણક મારી હતી, લોકોએ પથ્થરના ઘા કર્યા હતા. માલધારીના શરીરના થોડાક ભાગો પર ઈજાઓ થઈ હોવાથી લોહી નીકળતું દેખાઈ છે. આસપાસના લોકો બચાવવા માટે બૂમો પાડી રહ્યાનો અવાજ સંભળાય છે.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ, પાલીતાણા તાલુકાના ગરજીયા ગામના સીમ વિસ્તારમાં રહેતા માલધારી કાળુભાઈ બોઘાભાઈ ગમારા આજે(૬ જુલાઈ) સવારે પોતાના ઘરે હતા, તે દરમિયાન અચાનક એક સિંહે તેના પર હુમલો કરી દીધો હતો. સિંહના હુમલાને કારણે માલધારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઘટનાની જાણ થતા જ આસપાસના ગ્રામજનો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ઈજાગ્રસ્તને સારવાર માટે પાલિતાણાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, સાથે જ આ અંગે સ્થાનિક વન વિભાગને જાણ કરવામાં આવતાં ટીમ દોડી આવી હતી.

પાલિતાણા તાલુકા પંચાયતના સભ્ય ચેતન ડાભીએ જણાવ્યું હતું કે, તો અમારી ફોરેસ્ટને વિનંતી છે કે સિંહોને અહીંયાથી સુરક્ષિત રીતે જંગલમાં ખસેડી આપો. ગામમાં સુરક્ષા ન હોવાના કારણે ફોરેસ્ટને ઘણી વખત જાણ કરી છે, પણ છતાંય ફોરેસ્ટ વિભાગ ધ્યાન દેતું નથી. તો તાત્કાલિક સિંહોને અહીંથી હટાવી લે અને આ ગામ લોકોને સુરક્ષા આપે એવી અમારી માગ છે.

માલધારી પર થયેલા સિંહના હુમલાના પગલે વન વિભાગની ટીમ હરકતમાં આવી ગઈ છે. વન વિભાગ દ્વારા હાલ આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે અને વિસ્તારમાં દહેશત ફેલાવનાર વન્ય પ્રાણીને પકડવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે, આ ઘટના બાદ ગરજીયા ગામ અને આસપાસના માલધારીઓમાં પોતાના પશુઓ અને પરિવારની સુરક્ષાને લઈને ભારે ચિંતા અને ફફડાટ જોવા મળી રહ્યો છે.

## જેતપૂરમાં પ્રદુષણ માફિયાઓ બેફામ

# કેમિકલના ફીણથી ભાદર નદી ઝેરી બની!



## નદીમાં પૂર આવતા જ છોડાયું ઝેરી કેમિકલયૂક્ત પાણી

**સિટી ન્યૂઝ@જેતપુર**

જેતપુરમાં ફરી એકવાર પ્રદૂષણ માફિયાઓ બેફામ બન્યા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભારે વરસાદ અને ભાદર નદીમાં પૂર આવતાની સાથે જ ડાઈંગ ઉદ્યોગોમાંથી ઝેરી કલર-કેમિકલયુક્ત પાણી નદીમાં છોડવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. કેરાળી નજીક ભાદર નદીના પુલ પર કેમિકલના કારણે સફેદ ફીણની જાડી ચાદર છવાઈ ગઈ હતી, જેના દૃશ્યો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં લોકોમાં ભારે રોષ ફેલાયો છે.

વરસાદની આડમાં પ્રદૂષણ કરનાર તત્વોએ નદીના વહેણમાં મોટા પ્રમાણમાં ઝેરી રસાયણો છોડતાં ભાદર નદીનું પાણી પ્રદૂષિત બની ગયું છે. કેમિકલયુક્ત ફીણના કારણે નદીમાં જાણે બરફની ચાદર પથરાઈ હોય તેવો નજારો જોવા મળ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ દર વર્ષે વરસાદી સિઝનમાં આવી જ રીતે પ્રદૂષણ ફેલાવવામાં આવે છે, જેના કારણે નદીનું જળચર જીવન અને આસપાસનું પર્યાવરણ ગંભીર જોખમમાં મુકાય છે.

આ ઘટનાને લઈને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની કામગીરી સામે પણ ગંભીર સવાલો ઊભા થયા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે પ્રદૂષણ નિયંત્રણ માટે જવાબદાર તંત્રની નિષ્ક્રિયતા અને સંભવિત મિલીભગતના કારણે પ્રદૂષણ માફિયાઓને છૂટો દોર મળ્યો છે, જેના પરિણામે ભાદર નદી વારંવાર ઝેરી રસાયણોનું વહેણ સહન કરવા મજબૂર બની રહી છે.

નદી કિનારાના ગામોના લોકો અને પર્યાવરણપ્રેમીઓએ આ સમગ્ર મામલે તાત્કાલિક તપાસ કરીને જવાબદાર ડાઈંગ એકમો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. સાથે જ ભાદર નદીમાં ઝેરી કેમિકલ છોડનાર તત્વો સામે કડક દંડાત્મક પગલાં ભરવામાં આવે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા અસરકારક દેખરેખ ગોઠવવામાં આવે તેવી માંગ પણ પ્રબળ બની છે.



- વરસાદ વરસતાની સાથે જ કેમિકલ માફીયાઓ આવ્યા મેદાને
- વરસાદની આડમાં ડાઈંગ ઉદ્યોગના પાપીઓનું પાપ છાપરે ચડીને પોકાર્યું, નદીમાં પૂર આવતાં જ છોડાયું ઝેરી કેમિકલયુક્ત પાણી,
- કલર–કેમિકલવાળા ઝેરી પાણીના કારણે ભાદર નદીમાં જાણે કાશ્મીર જેવો બરફીલો નજારો જોવા મળ્યો
- સ્થાનિક સાડી ઉદ્યોગના બેફામ પ્રદૂષણના લીધે પવિત્ર ભાદર નદી ફરી એકવાર બની પ્રદૂષિત,
- ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સદંતર નિષ્ક્રિયતા અને મિલીભગત સામે ઉઠ્યા ગંભીર સવાલો

### જેતપરમાં ઉપવાસ ઉપર બેઠેલા નેહુલ અમૃતિયાની તબિયત લથડતા પારણા કરાવાયા

# ખેડુતોનો ફરી હુંકારઃ આંદોલન પાર્ટ-3 ગુજરાત વ્યાપી હશે !

**સરકારે વીજપોલના વળતર માટે જાહેર કરાયેલી નવી નીતિને કારણે પારણા કરવામાં આવ્યા નથી આ નિર્ણય ઉપવાસીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી લેવામાં આવ્યો છે**








**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબીના જેતપર ગામે ખાનગી વીજ કંપનીના પોલના વળતર મુદ્દે ચાલી રહેલા આમરણાંત ઉપવાસ આંદોલનમાં નેહુલ અમૃતિયાની તબિયત લથડતાં તેમને રાત્રે પારણા કરાવવામાં આવ્યા હતા. આંદોલન સમિતિએ આજે બાકીના તમામ ઉપવાસીઓના પારણા કરાવવાની અને ત્યાર બાદ 'આંદોલન પાર્ટ ૩' શરૂ કરવાની જાહેરાત કરી છે. છેલ્લા ૧૯ દિવસથી ઉપવાસ પર બેઠેલા નેહુલ અમૃતિયાની તબિયત ૧૮મા દિવસે મોડી રાત્રે બગડી હતી. તેમને પ્રથમ જેતપરની CHC અને બાદમાં મોરબીની ક્રિષ્ના હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. રિપોર્ટમાં તેમની કિડની અને લીવર પર સોજો જણાતા ડોકટરોએ તાત્કાલિક પારણા કરાવવાની સલાહ આપી હતી.હોસ્પિટલમાં હાજર ૨૫ જેટલા ખેડૂતો સાથે ચર્ચા કર્યા બાદ નેહુલભાઈને સમજાવીને રાત્રે પારણા કરાવવામાં આવ્યા હતા. હાલ તેઓ સારવાર હેઠળ છે.આંદોલન સમિતિના સભ્યોએ જણાવ્યું હતું કે, ૧૮ દિવસથી ઉપવાસ કરી રહેલા નેહુલભાઈને કંઈ પણ થશે તો તેના પડઘા સમગ્ર ગુજરાતમાં પડશે. ઉપવાસીઓના સ્વાસ્થ્ય અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને આજે સોમવારે રાત્રે ૯:૩૦ કલાકે જેતપર ગામે ઉપવાસી છાવણી ખાતે બાકીના તમામ ઉપવાસીઓના પારણા કરાવવાનો નિર્ણય લેવાયો છે.સમિતિએ સ્પષ્ટતા કરી હતી કે, સરકાર દ્વારા વીજપોલના વળતર માટે જાહેર કરાયેલી નવી નીતિને કારણે પારણા કરવામાં આવી રહ્યા નથી. આ નિર્ણય માત્ર ઉપવાસીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને લેવાયો છે.પારણા કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતમાંથી ખેડૂતોને જોડાવા આહવાન કરાયું છે. પારણા બાદ 'આંદોલન પાર્ટ ૩' માટેની રણનીતિ ખેડૂતો સમક્ષ રજૂ કરાશે. આ માટે માત્ર જેતપરના ખેડૂતોની નહીં, પરંતુ ગુજરાતભરના ખેડૂતોની સમિતિ બનાવીને વ્યાપક આંદોલન શરૂ કરવામાં આવશે.



# રાજકોટમાં પોલીસ V/S વકીલ

**પોલીસનો દાવોઃ વકીલોએ 'તારી ઔકાત શું છે?' કહી ગાળો ભાંડી, પીએસઆઈ-જમાદાર સાથે ઝપાઝપી કરતા 5 વકીલો સામે ફરજમાં રૂકાવટ ગુનો નોંધાયો**

**વકીલોનો સણસણતો આક્ષેપઃ મહિલા કોન્સ્ટેબલનું ગેરવર્તન, પીએસઆઈએ ડી-સ્ટાફના રૂમમાં લઈ જઈ વકીલને ઢોર માર માર્યો; ઈજાગ્રસ્ત વકીલ સિવિલ હોસ્પિટલમાં દાખલ**

## યુનિવર્સિટી પોલીસ મથકમાં હાઈવોલ્ટેજ ડ્રામા, સામસામા આક્ષેપોથી ભારે ખળભળાટ

## રાજકોટ બાર એસોસિએશને પોલીસ કમિશનરને રૂબરૂ મળી કડક કાર્યવાહીની માંગ કરી







**સટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના યુનિવર્સિટી પોલીસ મથકમાં સોમવારે અરજી બાબતે તપાસ દરમિયાન પોલીસ અને વકીલો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણ થતાં ભારે હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. આ મામલે પોલીસે એક એડવોકેટ સહિત પાંચ શખ્સો સામે ફરજમાં રૂકાવટનો ગુનો દાખલ કર્યો છે, જ્યારે બીજી તરફ રાજકોટ બાર એસોસિએશને પોલીસ પર વકીલને ડી-સ્ટાફના રૂમમાં ગોંધી રાખી ઢોર માર મારવાનો ગંભીર આક્ષેપ કરી પોલીસ કમિશનરને રજૂઆત કરતા શહેરમાં 'પોલીસ વિરુદ્ધ વકીલ' નો નવો વિવાદ ભડકે બળ્યો છે.

પોલીસ ફરિયાદ મુજબ, અરજીની તપાસમાં જમાદાર રેણુકાબેન ચૌધરી બંને પક્ષની પૂછપરછ કરી રહ્યા હતા ત્યારે એડવોકેટ રવિ વાઘેલા અને શીતલબેન ચાવડા ઉશ્કેરાઈ ગયા હતા અને "તારી ઔકાત શું છે?" કહી અપમાનજનક શબ્દો ઉચ્ચાર્યા હતા. મામલો થાળે પાડવા આવેલા પીએસઆઈ શ્યોરા અને જમાદાર જેન્તીભાઈ રાઠોડ સાથે પણ વકીલોએ ગેરવર્તન કર્યું હતું. "હું તને કોર્ટમાં જોઈ લઈશ" તેવી ધમકી આપી જમાદાર સાથે ઝપાઝપી કરી ધક્કો માર્યો હતો. આ મામલે પી.આઈ. દવેની સૂચનાથી એડવોકેટ રવિ વાઘેલા, શીતલબેન અને અન્ય ૩ મહિલાઓ મળી કુલ ૫ લોકો સામે ફરજમાં રૂકાવટનો ગુનો નોંધાયો છે.

સામા પક્ષે રાજકોટ બાર એસોસિએશને પોલીસ કમિશનરને લેખિત રજૂઆત કરી જવાબદાર પોલીસકર્મીઓ સામે ગુનો દાખલ કરવા માંગ કરી છે. રજૂઆતમાં આક્ષેપ કરાયો છે કે, સિવિલ ડ્રેસમાં રહેલી મહિલા કોન્સ્ટેબલે "અમારા પોલીસ સ્ટેશનમાં વકીલોએ આવવું નહીં" કહી બેફામ વાણીવિલાસ કર્યો હતો. બોલાચાલી બાદ પીએસઆઈ અને ૪-૫ પોલીસ કર્મીઓએ એડવોકેટ રવિ વાઘેલાને ડી-સ્ટાફના રૂમમાં લઈ જઈ ઢોર માર માર્યો અને ખોટો ગુનો દાખલ કર્યો. ઈજાગ્રસ્ત વકીલ હાલ સિવિલ હોસ્પિટલમાં દાખલ છે. બાર એસોસિએશને સીસીટીવી ફૂટેજ અને વાયરલ વીડિયોના આધારે કડક કાર્યવાહીની માંગ ઉઠાવી છે.

બાર એસોસિએશને રજૂઆતમાં પી.આઈ. દવેના અત્યંત ઉદ્ધત વર્તનનો પણ ઉલ્લેખ કર્યો છે. આક્ષેપ મુજબ, હોદ્દેદારો રજૂઆત કરવા ગયા ત્યારે પી.આઈ. દવેએ કહ્યું હતું કે, "મને વકીલો ગમતા જ નથી, બેથી વધુ વકીલ આવે તે મને પસંદ નથી. એ લેડી કોન્સ્ટેબલ મારો સ્ટાફ છે, એ ગરમ થાય તમારે ન થવાય. જ્યાં પૂછવું હોય ત્યાં પૂછી લેજો, હું કોઈથી બીતો નથી. વધીને મારી બદલી થાય. તમારા બે વકીલોને ધંધે લગાડેલ છે, સાથે જે આવશે તેને પણ ધંધે લગાડવાના છે."


વધુમાં સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફ પર પણ ફરિયાદ નોંધવામાં બેદરકારીનો આક્ષેપ કરાયો છે. હાલ બંને પક્ષે આમને-સામને આવી જતા કમિશનર કક્ષાએથી આ સમગ્ર હાઈપ્રોફાઈલ મામલે કેવી તપાસ થાય છે, તેના પર સૌની નજર છે.

### ગ્રાહકે સોશિયલ મીડિયામાં વીડિયો મૂકી ફૂગ દેખાડી

# ‘બોલે તો વડાપાઉં’ ગ્રાહકે મંગાવેલ ઓનલાઈન ફૂડમાંથી ફૂગવાળું પાઉં નીકળ્યું





12:29 · 37%

ORDER #242141395701537
Delivered , 2 Items , ₹112 — HELP

Bole To Vadapav
Nr. Indira Circle-5 Paritosh Building, Nr. Santosh Dairy, Indira...

Shivtownship J-2-405
opp. Selinum Hight, Pall Road, Mavdi, Rajkot, Gujarat 3600...

Order delivered on July 4, 7:35 PM
by RAKESH R ADESRA — ON TIME

BILL DETAILS

| | |
|---|---|
| Classic Mayo Vada Pav x 1 | ₹59 |
| Peri Peri Vada Pav x 1 | ₹59 |
| Item Total | ₹118.00 |
| Platform fee with GST | ₹17.69 |
| Delivery Fee (FREE with Swiggy One) | 45.00 FREE |
| Extra discount for you | -₹30.00 |
| Taxes | ₹5.90 |
| Paid Via Bank — Bill Total | ₹112.00 |

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના ઈન્દિરા સર્કલ નજીક આવેલા “બોલે તો વડાપાવ”માંથી સ્વિગી દ્વારા મંગાવવામાં આવેલા વડાપાવના પાર્સલમાં પાવ પર ફૂગ જોવા મળ્યાનો બનાવ સામે આવ્યો છે. આ ઘટનાએ ગ્રાહકોના આરોગ્ય અને શહેરમાં વેચાતા ખાદ્યપદાર્થોની ગુણવત્તા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

માહિતી મુજબ, તા. ૫ જુલાઈના રોજ સાંજના સમયે સ્વિગી મારફતે વડાપાવનો ઓનલાઈન ઓર્ડર કરવામાં આવ્યો હતો. પાર્સલ પ્રાપ્ત થયા બાદ ખાદ્યપદાર્થ ખોલીને જોતા પાવ પર સ્પષ્ટ રીતે ફૂગ જોવા મળી હતી. સમયસર આ બાબત ધ્યાનમાં આવતા ખાદ્યપદાર્થનો ઉપયોગ ટળી ગયો હતો.

આ ઘટનાના પગલે ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતા અંગે અનેક સવાલો ઉભા થયા છે. ખાસ કરીને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સમયાંતરે ચલાવવામાં આવતી ફૂડ સેફ્ટી ડ્રાઈવ અને ચેકિંગ અભિયાનની અસરકારકતા અંગે પણ ચર્ચા શરૂ થઈ છે. જો નિયમિત તપાસ થતી હોય તો આવી સ્થિતિ કેવી રીતે સર્જાઈ શકે તેવો પ્રશ્ન લોકોમાં ઉઠી રહ્યો છે.

ખાદ્ય સુરક્ષા સાથે કોઈપણ પ્રકારની બેદરકારી લોકોના આરોગ્ય માટે ગંભીર જોખમ બની શકે છે. તેથી સંબંધિત વિભાગ દ્વારા સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, ખાદ્યપદાર્થોના નમૂનાઓની તપાસ કરાવવામાં આવે તથા જો કોઈ પ્રકારની બેદરકારી કે નિયમોનો ભંગ સામે આવે તો જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી રહી છે.

ઉલ્લેખનીય છે કે આ બાબત અંગે સંબંધિત સંસ્થાનો પક્ષ જાણવા માટે સંપર્ક કરવામાં આવે તો તેમની સ્પષ્ટતા પણ તપાસ પ્રક્રિયાના ભાગરૂપે મહત્વની બની રહેશે.

### અમરેલી જિલ્લો જળમગ્ન : 5 તાલુકામાં શાળાઓ બંધ

# સૌરાષ્ટ્રમાં મેઘો ‘બેફામ’

# આફતોનું ‘તાંડવ’ !



**રાજુલામાં 11 ઈંચ**


**ધારીમાં 9 ઈંચ**

**ખાંભામાં 7 ઈંચ**

**સાવરકુંડલામાં 10 ઈંચ**

## મીઠાપૂર ડુંગરીમાં 68 લોકોનું રેસ્ક્યૂ : ચલાલામાંથી 100 લોકોનું સ્થળાંતર, વાઢેર ગામ આખે આખું પાણીમાં ડૂબ્યું





## 222 વીજપોલ 9, ટ્રાન્સફોર્મર ધરાશાયી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

બંગાળની ખાડીમાં સર્જાયેલા લો પ્રેશર અને ઉત્તર અરબી સમુદ્ર ઉપર સક્રિય ટ્રફના સંયુક્ત પ્રભાવને કારણે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ગત સપ્તાહથી શરૂ થયેલો વરસાદનો દોર વધુ વેગવાન બન્યો છે. ચોમાસું હવે અમરેલી જિલ્લા સુધી સક્રિય રીતે આગળ વધતાં આજે સવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્રના ૮૦માંથી ૬૭ તાલુકામાં ઝાપટાથી માંડીને ધોધમાર વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ અમરેલી જિલ્લાના રાજુલામાં ૧૧ ઈંચ વરસાદ વરસતાં સમગ્ર પંથક જળબંબાકાર બન્યો હતો. રાજુલા, સાવરકુંડલા, જાફરાબાદ, ખંભા અને ધરી તાલુકાઓમાં શાળાઓમાં રજાઓ જાહેર કરી દેવામાં આવી છે. ધારી, ખાંભા, સાવરકુંડલા, બગસરા અને લીલીયા સહિતના વિસ્તારોમાં પણ અતિભારે વરસાદને કારણે અનેક રસ્તાઓ ઉપર પાણી ફરી વળ્યાં, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા અને કેટલાક ગામોનો સંપર્ક પણ ખોરવાયો હતો.

અમરેલી જિલ્લામાં રાજુલામાં ૧૧ ઈંચ, ધારીમાં સાડા નવ, ખાંભામાં સાત, સાવરકુંડલા અને બગસરામાં પાંચ-પાંચ, લીલીયામાં સાડા ચાર તથા અમરેલી શહેરમાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો. કુકાવાવમાં દોઢ ઈંચ જ્યારે લાઠી અને બાબરા પંથકમાં ઝાપટાથી દોઢ ઈંચ સુધી વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદના કારણે ખાસ કરીને રાજુલા, ધારી, ખાંભા અને સાવરકુંડલા વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ગીર સોમનાથ જિલ્લામાં ઉનામાં સાડા ચાર ઈંચ વરસાદ પડ્યો હતો. ગીર ગઢડા, કોડીનાર અને સૂત્રાપાડામાં બે થી અઢી ઈંચ જ્યારે તાલાળા, વેરાવળ અને પાટણમાં પોણા ઈંચથી એક ઈંચ સુધી વરસાદ નોંધાયો હતો.

## સાવરકુંડલા, જાફરાબાદ સહિતના વિસ્તારોમાં 55 જેટલા ગામડાઓમાં વીજળી ગુલ



પંથકની જીવાદોરી સમાન તમામ નદીઓ અને નાળા બે કાંઠે વહી રહ્યા છે. ખાસ કરીને સાવરકુંડલાની મધ્યમાંથી પસાર થતી નાવલી નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. નાવલી નદી બંને કાંઠે સતત ભયજનક સપાટીએ વહેતી થતાં આજુબાજુના નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ઘૂસી ગયા છે. તાલુકાના તમામ તળાવો છલકાયા છે અને ચેકડેમો ઓવરફ્લો થતાં ગ્રામ્ય વિસ્તારોનો સંપર્ક તૂટી ગયો છે. અનેક ગામડાઓમાં પૂરના પાણી ફરી વળ્યા છે. ભારે પવન અને ગાજવીજ સાથે તૂટી પડેલા વરસાદને કારણે વાહનવ્યવહારની વાત કરીએ તો, સાવરકુંડલાથી જોડાતા તમામ મુખ્ય માર્ગો જેવા કે અમરેલી, રંઘોળા, મહુવા અને ભાવનગર તરફના હાઈવે બંધકરી દેવાયા છે. રસ્તાઓ પર ઘૂંટણસમા અદકા પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે. અમરેલી-સાવરકુંડલા રાજ્ય ધોરીમાર્ગ પર ઓળીયા ગામ નજીક ભારે વરસાદને પગલે રોડનું મોટા પાયે ધોવાણ થવા પામ્યું છે. આ માર્ગ પરનો વાહનવ્યવહાર તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યો છે.

## મુંબઈ-પૂણે એક્સપ્રેસ-વે બંધ કરાયો



# મુંબઈમાં વરસાદનો કહેર

## ટ્રેન બંધ લોકોને ઘરમાં રહેવાની અપીલ



### જમ્મુ-કાશ્મીરમાં હાઈ-વે પર ગાડીઓ ફસાઇ



### કિશ્તવાડમાં ભૂસ્ખલન: કાટમાળમાં અનેક વાહનો દટાયા



### મુંબઈમાં 3 માળની ઈમારત ધરાશાયી 6નાં મોત

## પુણેમાં સોસાયટીની બાઉન્ડ્રી વોલ પાર્કિંગ શેડ પર પડી



**સિટી ન્યૂઝ@મુંબઇ**

દેશના ઘણા રાજ્યોમાં ચોમાસાએ ગતિ પકડી લીધી છે. મહારાષ્ટ્રમાં સતત થઈ રહેલા ભારે વરસાદને કારણે મુંબઈ-પુણે રેલ રૂટ પર સોમવારે સવારે કરજત-લોનાવલાના ભોર ઘાટ સેક્શનમાં બે જગ્યાએ ભૂસ્ખલન થયું. ત્રણેય રેલવે લાઈનો પ્રભાવિત થઈ ગઈ. ૨૦ ટ્રેનો રદ કરવી પડી. બીજી તરફ મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર પણ ભૂસ્ખલન થતાં રસ્તો બંધ થઈ ગયો. મુંબઈમાં ગઈકાલથી ૭૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવનો ફૂંકાઈ રહ્યા છે, ૧૪૨ વૃક્ષો ઉખડી ગયા. BMCએ આજે સરકારી, ખાનગી અને નગરપાલિકાની તમામ શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરી દીધી છે.

- ટ્રેક પર પાણી ભરાતા મુંબઈથી ઉપડતી 6 પ્રમુખ ટ્રેનોના સમયમાં ફેરફાર
- મુંબઈમાં વરસાદને કારણે મહારાષ્ટ્ર વિધાનસભાની કાર્યવાહી સ્થગિત



# અમરેલી જિલ્લામાં 21 રસ્તાઓ બંધ



## ખોડિયાર-ધાતરવડી ડેમ ઓવરફ્લો થતા નદીઓમાં પૂર; રોડ-રસ્તાના ટૂકડા થયા

**સિટી ન્યૂઝ@અમરેલી**

ધારી પંથકમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતા ચોમેર પાણી-પાણી થઈ ગયું છે. લાંબા સમયની પ્રતીક્ષા બાદ ધારી પંથકમાં પડેલા ધોધમાર વરસાદને પગલે અમરેલી જિલ્લાની જીવાદોરી સમાન અને જિલ્લાનો સૌથી મોટો ખોડીયાર ડેમ ઓવરફ્લો થયો છે. ડેમમાં પાણીની ભારે આવક થતાં તંત્ર દ્વારા તાબડતોબ પગલાં લેવામાં આવ્યા છે. ખોડીયાર ડેમ તેની પૂર્ણ સપાટીએ ભરાઈ જતાં ડેમની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ૯ દરવાજા ૨.૪૩ મીટર સુધી ખોલવામાં આવ્યા છે. ડેમના દરવાજા ખુલતા જ શેત્રુંજી નદીમાં વહેતા પાણીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે અને પંથકમાં અદભુત નજારો જોવા મળી રહ્યો છે. જોકે વહીવટી તંત્ર આ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે. ખોડીયાર




ડેમમાંથી વ્યાપક પ્રમાણમાં પાણી છોડવામાં આવી રહ્યું હોવાથી ડેમની નીચે આવતા અને નદી કિનારાના તમામ ગામોને સાવચેત કરી દેવામાં આવ્યા છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા લોકોને નદીના પટમાં કે નીચાણવાળા વિસ્તારોમાં ન જવાની સખત સૂચના આપવામાં આવી છે. તેમજ કોઈ અણબનાવ ન બને તે માટે લોકોને સાવચેત અને સતર્ક રહેવા અપીલ કરવામાં આવી છે.

### ખેતરોમાં પાણી, ખેડૂતોની ચિંતા વધી

## સતત વરસાદના કારણે કપાસ અને મગફળીના પાકને ભારે નુકસાન

ગુજરાતને માથે જાણે આકાશી ઘાત જોવા મળી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૬૪ તાલુકામાં વરસાદ વરસ્યો છે. કુલ ૬૧ તાલુકામાં ૧ ઈંચથી ૧૧ ઈંચ સુધી વરસાદ પડ્યો. જ્યારે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ધોધમાર વરસાદ પડ્યો છે. હજુ ૭ દિવસ ભારે વરસાદની હવામાનની આગાહી. અમરેલી જિલ્લામાં તો જાણે આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે. અન્નદાતાઓની હાલત કફોડી થી છે. અમરેલીના સાવરકુંડલાના ગામડાઓમાં કપાસ, મગફળીને નુકસાન થયું છે. નદીના પાણી ખેતરોમાં ફરી વળતા પાકને નુકસાન થયું છે. ખેતરોમાં પાણી ફરી વળતા જમીન ધોવાઈ ગઈ છે. ખેડૂતો ચોધાર આંસુએ રડી પડ્યા છે.સાવરકુંડલા તાલુકાના ગ્રામ્યવિસ્તારોમાં ગઈ કાલે અનરાધાર વરસાદ આવતા કપાસ અને મગફળીના પાકને ભારે નુકસાન થયું છે. જિલ્લાના ખારાપાટ વિસ્તારમાં ભારે વરસાદ અને નદીના વધેલા પાણીના પ્રવાહને કારણે ખેડૂતોને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો. અનેક ગામોના ખેતરોમાં પાણી ફરી વળતાં જમીન ધોવાઈ ગઈ હોવાનું સામે આવ્યું છે. જીલ્લાના અનેક ગામોના ખેતી વિસ્તારોમાં નદીના પાણી ઘૂસી જતાં ખેતરોમાં વાવેલા પાકને ભારે નુકસાન પહોંચ્યું છે. ભારે વરસાદના કારણે ખેતરો ધોવાઈ જતાં ખેડૂતો દ્વારા કરાયેલ વાવેતર નિષ્ફળ.આ વિસ્તારમાં ખેડૂતો દ્વારા મોટા પ્રમાણમાં કપાસ અને મગફળીનું વાવેતર કરવામાં આવ્યું હતું.અચાનક આવેલા પાણીના પ્રવાહે ખેતરો જ ધોઈ નાખતા બીજ સહિતનો પાક નષ્ટ થયો છે. ખેતરોમાં પાણી ફરી વળતાં ખેડૂતોની મહેનત ઉપર પાણી ફરી વળ્યું હોવાની સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ ગ્રામ રક્ષક પાળો ન હોવાના કારણે વરસાદી પાણી ગામો અને ખેતી વિસ્તારોમાં ઘૂસી ગયા હતા.



### અંબાલાલ પટેલની ચોંકાવનારી આગાહી

# ગુજરાતમાં અતિભારે વરસાદ તૂટી પડશે 16 જૂલાઈથી વરસાદનો નવો રાઉન્ડ

- **72 કલાકમાં 50% ગુજરાતમાં વરસાદની શક્યતાઃ ભાવનગર અમરેલી વિસ્તારોમાં હજુ ભારે વરસાદની શક્યતા**
- **14 જૂલાઈથી બંગાળની ખાડીમાં ફરી સિસ્ટમ સક્રિય થશે : જે 16થી 20 જૂલાઈએ ફરી વરસાદ ભૂક્કા બોલાવશે**

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

રાજ્યમાં હાલ ચોમાસાએ જમાવટ કરી છે. ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે વરસાદને લઈને લૅટેસ્ટ આગાહી કરી છે. આગામી ૭૨ કલાકમાં ૫૦ ટકા ગુજરાતમાં વરસાદની શક્યતા તેમણે વ્યક્ત કરી છે.

દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદની શક્યતા છે. આ સિવાય ભાવનગર, અમરેલીના ભાગોમાં હજુ પણ ભારે વરસાદની શક્યતા અંબાલાલ પટેલ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

અંબાલાલ પટેલે આગાહી કરતા જણાવ્યું કે, પશ્ચિમ સૌરાષ્ટ્રના ભાગોમાં હજુ પણ વરસાદ ઓછો રહેશે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લીના ભાગમાં સારા વરસાદની શક્યતા તેમણે વ્યક્ત કરી છે. પંચમહાલ, વડોદરાના ભાગમાં ચાર ઈંચથી વધુ વરસાદની શક્યતા છે. ૭૨ કલાકમાં અમદાવાદ, ગાંધીનગરમાં પણ ગાજવીજ સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

૯ જુલાઈ બાદ રાજ્યના કેટલાક ભાગમાં વરાપ નીકળવાનું અનુમાન તેમણે વ્યક્ત કર્યું છે. દક્ષિણ ગુજરાત, દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગમાં વરાપ ક્યારે નીકળે તે કહેવું મુશ્કેલ છે. ૧૪ જુલાઈ આસપાસ બંગાળની ખાડીમાં ફરી એક સિસ્ટમ સક્રિય થશે. સિસ્ટમથી ગુજરાતમાં ૧૬થી ૨૦ જુલાઈ દરમિયાન વરસાદનો વધુ એક નવો રાઉન્ડ શરુ થશે. જુલાઈના અંત અને ઓગસ્ટ મહિનાના પ્રારંભે અણધાર્યા વરસાદની શક્યતા અંબાલાલ પટેલ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા વરસાદના આંકડા પર નજર કરીએ તો કુલ ૧૬૪ તાલુકાઓમાં મેઘમહેર જોવા મળી છે, જેમાં રાજ્યના ૭ તાલુકાઓમાં ૫ થી ૧૧ ઈંચ, ૨૬ તાલુકાઓમાં ૨ થી ૪ ઈંચ અને ૫૧ તાલુકાઓમાં ૧ થી પોણા બે ઈંચ સુધીનો વરસાદ ખાબક્યો છે. અમરેલીના ધારીમાં ૯.૨૧ ઈંચ, ખાંભામાં ૬.૮૧ ઈંચ, ડાંગના સુબીરમાં ૫.૧૬ ઈંચ અને સાવરકુંડલામાં ૫.૦૪ ઈંચ વરસાદ ખાબક્યો છે.

### જુન મહિનામાં ગુજરાતમાં ભૂકંપના 5 નાના આંચકા નોંધાયા

# સૌરાષ્ટ્રની ધરતી નીચે હલચલ: ભૂકંપના સંકેત?

## સિસ્મોલોજિસ્ટોના ચોંકાવનારા તારણ

- કચ્છ રેડ ઝોનમાં પછી સૌથી મોટું જોખમ, દ્વારકા, જામનગર, મોરબી, ધ્રાંગધ્રા
- મધ્યમ ખતરામાં રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, બોટાદ, સુરેન્દ્રનગર, મહુવા



**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

૨૪મી જૂને વેનેઝુએલામાં આવેલા ભૂકંપની તબાહી આખી દુનિયાએ જોઇ. એના પછી જમ્મુ-કાશ્મીર અને દિલ્હીની ધરા પણ ધ્રુજી. ચોંકાવનારી વાત એ છે કે ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજી રિસર્ચના આંકડા પ્રમાણે જૂન મહિનામાં ગુજરાતમાં ભૂકંપના ૫ નાના આંચકા આવ્યા છે તો શું ગુજરાતના પેટાળમાં કોઇ મોટો ખતરો આકાર લઇ રહ્યો છે? ગાંધીનગરના ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજી રિસર્ચ સેન્ટરના પૂર્વ ડાયરેક્ટર અને હાલમાં IIT રૂરકીમાં સિસ્મોલોજીના પ્રોફેસર સુમેર ચોપડા અને હાલના ઇન્ચાર્જ ડાયરેક્ટર ડૉ.સંતોષકુમાર જણાવ્યું હતું કે, વેનેઝુએલામાં ભૂકંપ આવ્યો તે એક્ટિવ પ્લેટ બાઉન્ડ્રી છે. જ્યાં સાઉથ અમેરિકન પ્લેટ અને કેરેબિયન પ્લેટ પરસ્પર મળે છે. જે જગ્યાએ એક્ટિવ પ્લેટ બાઉન્ડ્રી હોય છે ત્યાં ભૂકંપ આવવાની સંભાવનાઓ વધારે હોય છે કેમ કે ત્યાં પ્લેટની મૂવમેન્ટ એક્ટિવ હોય છે. ભૂકંપ આવે ત્યારે જમીનની નીચેની પ્લેટો ૩ રીતે ટકરાય છે. એક રીતમાં એવું થાય છે કે બન્ને પ્લેટ્સ એકબીજાની નજીક આવે ત્યારે એક પ્લેટ ઉપર બીજી પ્લેટ આવી જાય છે. આ દરમિયાન લાઇટર પ્લેટ ઉપર રહે છે અને ડેન્સ પ્લેટ નીચે જતી રહે છે.બીજી રીતમાં એવું થાય છે કે બન્ને પ્લેટ્સ એકબીજાથી દૂર જાય છે. જ્યારે ત્રીજી રીતમાં એવું બને છે કે બન્ને પ્લેટ્સ વચ્ચે ઘર્ષણ થાય છે. વેનેઝુએલામાં આવેલા ભૂકંપમાં ત્રીજા પ્રકારની પ્રક્રિયા થઇ હતી એટલે કે બન્ને પ્લેટ્સ વચ્ચે ઘર્ષણ થયું હતું. આ ભૂકંપની એક્ટિવિટી ચાલતી રહેતી હતી.

## ગુજરાતનું કોઇ મોટું શહેર ફોલ્ટ લાઇન પર નથી

સૌરાષ્ટ્રમાં એવી કોઇ મોટી ફોલ્ટ લાઇન નથી એટલે ત્યાં મોટા ભૂકંપ આવવાની શક્યતા ખૂબ ઓછી છે. ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં પણ એવી મોટી ફોલ્ટ લાઇન નથી. ગુજરાતનું એક પણ મોટું શહેર ફોલ્ટ લાઇન પર નથી કે જ્યાં મોટો ભૂકંપ આવી શકે પણ કચ્છમાં મોટી-મોટી ફોલ્ટ લાઇન વધારે છે. કચ્છ પહેલેથી જ ઝોન-૫માં હતું અને આજે પણ તેમાં જ છે. જો કચ્છમાં ભૂકંપ આવે તો તેના આંચકાને ટ્રાવેલ કરવાની સ્પીડ દર સેકન્ડે ૭થી ૧૦ કિલોમીટરની હોય છે એટલે એ આંચકાને ૨૫૦ કિલોમીટરના અંતરે પહોંચતા ૨૫ સેકન્ડ લાગે. આવા સંજોગોમાં કચ્છમાં ભૂકંપ આવે અને ઇન્સ્ટ્રુમેન્ટ હોય અને તરત જ એનાલિસિસ કરી તીવ્રતા માપીને બીજે પહોંચાડી લોકોને એલર્ટ કરી શકાય. ભૂકંપમાં ૨૦ થી ૨૫ સેકન્ડનો સમય મળે એ પણ વધારે કહેવાય. જો કે વિજ્ઞાન હજુ એટલું ડેવલપ નથી થયું કે એ કહી શકે કે ભૂકંપ ક્યારે આવશે, કઇ જગ્યાએ આવશે, કેટલી તીવ્રતાનો આવશે.

## ભૂકંપ નોંધવા માટે ગુજરાત પાસે એડવાન્સ સિસ્ટમ

આખા ભારતમાં ગુજરાત એક માત્ર રાજ્ય છે કે જેની પાસે પોતાનું સિસ્મિક નેટવર્ક, ભૂકંપ મોનિટરિંગ સ્ટેશન અને પોતાની રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ પણ છે. આ અંગે તેઓ કહે છે કે, ૨૦૦૧ના ભૂકંપ પહેલાં ૩ કે તેનાથી વધુની તીવ્રતાનો ભૂકંપ આવે તો જ અમારી પાસે તેનો રેકોર્ડ રહેતો હતો કેમ કે ત્યારે ૧ કે ૨ જ સ્ટેશન કાર્યરત હતા પણ આજે ગુજરાતના દરેક તાલુકામાં એક ઇન્સ્ટ્રુમેન્ટ જોવા મળશે. વિશ્વમાં ભૂકંપ માપવા માટે જે એડવાન્સ ઇન્સ્ટ્રુમેન્ટ તરીકે બ્રોડબેન્ડ સિસ્મોગ્રાફનો ઉપયોગ થાય છે એ જ ઇન્સ્ટ્રુમેન્ટનો ગુજરાતમાં પણ ઉપયોગ થાય છે. વેનેઝુએલામાં આવેલો ભૂકંપ પણ અહીં ગુજરાતમાં રેકોર્ડ કરી શકાય છે. ગુજરાતમાં આવા ૧૫૦ ઇન્સ્ટ્રુમેન્ટ લગાવાયા છે.

## 10-12 મિનિટમાં સરકારને જાણ થઇ જાય

ભૂકંપ મોનિટરિંગમાં સમગ્ર દેશમાં ગુજરાત મોખરે હોવાનું કહેતા તેઓ ઉમેરે છે કે, ગુજરાતમાં જે ઇન્સ્ટ્રુમેન્ટ લગાવાયા છે તેમાંથી ૫૦ સિસ્મિક સેન્ટરના ડેટા ભૂકંપ આવ્યાના સેકન્ડમાં ગાંધીનગરના મુખ્ય ડેટા સેન્ટરમાં આવી જાય છે. ગુજરાતમાં કોઇ જગ્યાએ ૨થી વધુની તીવ્રતાનો ભૂકંપ આવે તો તેનું મેગ્નિટ્યુડ અને લોકેશન ૧૦થી ૧૨ મિનિટમાં અમે ગુજરાત સરકારને આપી દઇએ છીએ. ભારતમાં આ કામગીરી નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી કરે છે. જેના ૧૧૭ સિસ્મિક સેન્ટરમાંથી ૩ કે ૪ ગુજરાતમાં પણ છે.


## કચ્છ અલગ-અલગમાં પેટાળની હલચલ પર સંશોધન

કચ્છમાં આટલી મોટી સંખ્યામાં ભૂકંપ કેમ આવી રહ્યાં છે તે અંગે સંશોધન ચાલી રહ્યું છે. ડૉ. સંતોષકુમારે જણાવ્યું કે, આ સંશોધન કરવા માટે અમે ઓનલાઇન સિસ્મિક સ્ટેશનની સાથે ૫૦ જેટલા ઓફલાઇન સિસ્મિક સ્ટેશન કાર્યરત કર્યા છે. જે કચ્છમાં ૫ બાય ૫ કિલોમીટરની ગ્રીડ બનાવીને તેના પર રાખવામાં આવ્યાં છે. તેના ડેટા પરથી અમે જાણવાની કોશિષ કરી રહ્યાં છીએ કે ભૂકંપમાં કચ્છનો વિસ્તાર આટલો એક્ટિવ કેમ છે. ભૂકંપથી ડરવાની જરૂર નથી પણ ૨૦૦૧માં જે નુકસાન થયું છે તેને અવગણવાની જરૂર પણ નથી.

## પ્રેમલગ્ન અને રાજકારણમાં જાસૂસીઃ માર્કેટમાં 22%નો વધારો

# સબંધોમાં વિશ્વાસ ખતમ 'જાસુસી' માર્કેટમાં તેજી

## દેશમાં 3500 ડિટેક્ટિવ એજન્સીઓ સક્રિય




**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

આધુનિક જીવનશૈલી, સોશિયલ મીડિયા અને અવિશ્વાસને કારણે દેશમાં ખાનગી ડિટેક્ટીવ એજન્સીઓ લોકોના અંગત જીવનમાં ઘુસણખોરી કરવા લાગી છે. પ્રોફેશનલ ડિટેક્ટીવ્સ એન્ડ ઇન્વેસ્ટિગેટર્સ એસોસિએશન ઈન્ડિયા અને મુખ્ય સર્વેલન્સ કંપનીઓના વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬ અનુસાર, ભારતમાં ખાનગી ડિટેક્ટીવ બજાર દર વર્ષે ૨૨ ટકાના દરે વધી રહ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં કોર્પોરેટ બાબતોની તુલનામાં વ્યક્તિગત અને કૌટુંબિક ડિટેક્ટીવ કાર્યનો ગ્રાફ ૪૩ ટકાથી વધીને ૬૭ ટકા થયો છે. કરવેરા વધારવામાં આવ્યા છે.કૉપિરાઇટ બોર્ડરૂમ અને રાજકીય ક્ષેત્રો સુધી પહોંચી ગયું છે. દિલ્હી-એનસીઆર, મુંબઈ, બેંગલુરુ, હૈદરાબાદ, કોલકાતા, જયપુર, પુણે, અમદાવાદ અને ઇન્દોર જેવા શહેરોમાં દેશભરમાં લગભગ ૩,૫૦૦ ડિટેક્ટીવ એજન્સીઓ સક્રિય છે. દરમિયાન, ૪૫ ટકા લોકો લગ્ન પહેલાં જન્માક્ષર કરતાં વરરાજા અથવા કન્યાના પાત્ર, વ્યસનો અને મિત્ર વર્તુળનું ઓડિટ કરવાનું પસંદ કરી રહ્યા છે.ચૂંટણી પહેલા, વિરોધી ઉમેદવારના ભંડોળ, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, વ્યક્તિગત સંબંધો અને નબળાઈઓનો પર્દાફાશ કરવા માટે લાખોથી કરોડો રૂપિયાના ગુપ્ત ટેન્ડર આપવામાં આવે છે. તેમની છબી ખરાબ કરવા માટે છેલ્લી ઘડીએ સ્ટિંગ ઓપરેશન પણ કરવામાં આવે છે અને વાયરલ કરવામાં આવે છે. કોર્પોરેટ જગતમાં ઉચ્ચ હોદ્દાઓ પર નિમણૂક પહેલાં, ડિટેક્ટીવ એજન્સીઓ તપાસ કરે છે કે ઉમેદવાર એક સાથે બે કંપનીઓમાં કામ કરી રહ્યો છે કે નહીં (મૂનલાઈટિંગ), વગેરે.



**45% લોકો લગ્ન પહેલા જન્માક્ષર કરતા વરરાજા અથવા કન્યાના પાત્ર વ્યસનો અને મિત્ર વર્તુળનું ઓડિટ કરવાનું પસંદ કરી રહ્યા**



## એલર્ટ : રાજકોટ મહાપાલિકાના કમિશનર એક્શન મોડમાં

# 24X7 ડ્યૂટીનું એલાન

## વરસાદ સામે રાજકોટ મનપા તૈયાર

### ડિઝાસ્ટર પ્લાન બનાવી તમામ ઉચ્ચ અધિકારીઓ અને એન્જિનિયરોને શિફ્ટ મુજબ કામગીરી સોંપાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં ચોમાસાની ઋતુની સત્તાવાર શરૂઆત થઈ ચૂકી છે અને પ્રથમ વરસાદની સાથે જ મ્યુનિસિપલ કોર્પોરેશનનું તંત્ર પણ સજ્જ બન્યું છે. દર વર્ષે ચોમાસા દરમિયાન શહેરમાં ઠેર-ઠેર પાણી ભરાવા, નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકાર થવા અને રસ્તાઓ તૂટી જવાની વ્યાપક ફરિયાદો ઉઠતી હોય છે. આ બાબતને ગંભીરતાથી લઈને મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ તાજેતરમાં જ તમામ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે એક મહત્ત્વની રિવ્યુ બેઠક યોજી હતી.

આ બેઠકમાં ચોમાસા પૂર્વની કામગીરીની સમીક્ષા કરવાની સાથે જ અતિવૃષ્ટિ કે પૂર જેવી આપત્તિ સમયે લોકોને તાત્કાલિક મદદ મળી રહે તે માટે આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તમામ ઉચ્ચ અધિકારીઓની સાથે જ એન્જિનિયરોને ૨૪ કલાક શિફ્ટ મુજબ કામગીરી સોંપી દેવામાં આવી છે. તેમજ ડિઝાસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. કમિશનર દ્વારા લેવાયેલા કડક નિર્ણયોના ભાગરૂપે આ વર્ષે ચોમાસા દરમિયાન કંટ્રોલ રૂમની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવામાં આવી છે. ફાયર બ્રિગેડ સેન્ટ્રલ ફ્લડ કંટ્રોલ રૂમને હાલમાં નાનામવા રોડ પરનાં આઈસીસીસી (ICCC) ભવન ખાતે શરૂ કરી દેવામાં આવ્યો છે. આ કંટ્રોલ રૂમ ખાતે નાગરિકોની સુવિધા અને બચાવ રાહત કાર્ય માટે ૨૪*૭ એટલે કે ચોવીસેય કલાક અધિકારીઓ હાજર રહે તેવા ઓર્ડર કરવામાં આવ્યા છે. આ માટે દિવસ-રાત દરમિયાન કુલ ૩ અલગ-અલગ શિફ્ટ બનાવવામાં આવી છે, જેમાં સવારે ૬થી બપોરે ૨ વાગ્યા સુધી, બપોરે ૨થી રાત્રે ૧૦ વાગ્યા સુધી અને રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી અધિકારીઓ ફરજ પર તૈનાત રહેશે.

અધિકારીઓની શિફ્ટવાઈઝ ડ્યુટીની વાત કરીએ તો, સોમવારે મયુર ખીમસુરીયા, દિલીપ ચારોલ, ભાવેશ પુરોહિત, રવજીભાઇ સીંધવ, હિતેશ ભસોટીયા અને દિપક આહીરને જવાબદારી સોંપાઈ છે. મંગળવારે પ્રણય પંચાલ, કૃષ્ણસિંહ જાડેજા, મનીશ વોરા, મહેન્દ્ર મુદડીયા, સુર્યપ્રતાપસિંહ અને વિનોદ ચાવડા ફરજ બજાવશે. બુધવારે હિતેશ ભસોટીયા, રાજન બડોદરીયા, મયુર ખીમસુરીયા, કિશોરસિંહ રાણા, ભાવેશ પુરોહિત અને અશોક દાફડા હાજર રહેશે. ગુરૂવારે સુર્યપ્રતાપસિંહ, નરેશ વીરડીયા, પ્રણય પંચાલ, પંકજ ઠાકર, મનીશ વોરા અને હમીર સખરા વ્યવસ્થા સંભાળશે. શુક્રવારે ભાવેશ પુરોહિત, જયેશ પંડ્યા, હિતેશ ભસોટીયા, ભાવેશ ગાંધી, મયુર ખીમસુરીયા અને પ્રવિણ રાંક ફરજ પર રહેશે. શનિવારે હિતેશ ભસોટીયા, હિતેશ ભટ્ટ, મયુર ખીમસુરીયા, મયુર મુછળ, ભાવેશ પુરોહિત અને ઝાકીર હુશેન તૈનાત રહેશે. જ્યારે રવિવારે મનીશ વોરા, ભુરાભાઇ ચૌધરી, સુર્યપ્રતાપસિંહ, કાઝી સોયબ, પ્રણય પંચાલ અને મહેશભાઇ જાદવને ફરજના આદેશ અપાયા છે.

સમયે બચાવ અને રાહત કામગીરીનું સીધું સુપરવિઝન કરવાની મોટી જવાબદારી રહેશે. આ ટીમે નાયબ કમિશનર (હેડ ક્વાર્ટર)ની સૂચના અનુસાર સતત રિપોર્ટિંગ કરવાનું રહેશે. આ ઉપરાંત, કટોકટીની પળોમાં રાજ્ય સરકાર, જિલ્લા કલેક્ટર કચેરી અને અન્ય સરકારી આપત્તિ વ્યવસ્થાપન એજન્સીઓ સાથે સતત સંકલન જાળવી રાખવું પડશે. જો શહેરમાં ક્યાંય પણ જાનમાલનું નુકસાન થાય તો તેની વિગતો તાત્કાલિક ઉચ્ચ સ્તરે મોકલીને બચાવ કાર્ય ઝડપી બનાવવાની જવાબદારી પણ આ સ્ટાફને સુપરત કરવામાં આવી છે. ટેકનિકલ કામગીરી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જાળવણી માટે પણ એન્જિનિયરોને વિશેષ સૂચનાઓ આપવામાં આવી છે. ચોમાસાની સમગ્ર વ્યવસ્થામાં ઈસ્ટ ઝોનના એડિશનલ સિટી ઇજનેર કુંતેશ મહેતાને રાઉન્ડ ધ ક્લોક એટલે કે સતત મોનિટરિંગ કરવાની વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે.



### હરિયાણામાં પૂણે જેવી ઘટના

# ગર્લફ્રેન્ડ માટે પતિએ પત્નીની હત્યા કરી

## 13 વર્ષ મોટી ગર્લફ્રેન્ડ માટે પત્નિને મારી નાખીઃ યુવાને 3 મહિના પહેલા જ લગ્ન કર્યા હતા



**સિટી ન્યૂઝ@હરિયાણા**

પુણેના કેતન અગ્રવાલની હત્યાનો કેસ આખા દેશમાં ભારે ચર્ચામાં છે. આ વચ્ચે હવે હરિયાણાના ગુરુગ્રામમાંથી પણ આવો જ એક ચોંકાવનારો કેસ સામે આવ્યો છે. જ્યાં એક યુવકે પોતાની ૩૮ વર્ષની ગર્લફ્રેન્ડ માટે ૨૨ વર્ષની પત્નીની હત્યા કરી નાખી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, યુવકે તેની ગર્લફ્રેન્ડની સાથે મળીને જ પત્નીને મારવાનો પ્લાન બનાવ્યો હતો.પોલીસની તપાસમાં આ ખુલાસો થયો છે. ખાસ વાત એ છે કે યુવકના લગ્ન માત્ર ત્રણ મહિના પહેલાં જ થયાં હતાં. પરંતુ યુવક પોતાની ગર્લફ્રેન્ડ સાથે રહેવા માંગતો હતો. આ કારણે તેણે પત્નીને રસ્તામાંથી હટાવવાનો પ્લાન બનાવ્યો હતો.૨૧ મેના રોજ યુવક પત્નીને ગર્લફ્રેન્ડના ભાડાના ઘરમાં લઈ ગયો હતો અને ત્યાં ગોળી મારીને પત્નીની હત્યા કરી નાખી હતી. ત્યારબાદ બંનેએ મૃતદેહને બાથરૂમમાં મૂક્યો અને ઘટનાસ્થળેથી ભાગી ગયા. યુવકની પત્નીનું નામ મધુ હતું. તે ૨૧ મે ૨૦૨૬થી ગાયબ હતી. આ કારણે તેના પરિવારજનોએ માનેસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પરિવારજનોએ પોલીસને જણાવ્યું કે, ૨૧ મેના રોજ મધુને તેનો પતિ અંકિત સ્કૂટર પર બેસાડીને લઈ ગયો હતો. આથી પોલીસને પહેલો શક અંકિત પર જ ગયો.તપાસમાં જાણવા મળ્યું કે, અંકિત તેને માનેસર બસ સ્ટેન્ડ પાસે આવેલા એક ભાડાના મકાનમાં લઈ ગયો હતો. જ્યાં એક યુવતી તેની સાથે લિવ-ઇન રિલેશનમાં રહેતી હતી. પોલીસ મધુને શોધતી શોધતી આ ઘરે પહોંચી, ત્યારે અંદરથી ભારે દુર્ગંધ આવી રહી હતી. પોલીસે દરવાજો તોડ્યો અને અંદરનું દૃશ્ય જોઈને બધા હચમચી ગયા. કારણ કે બાથરૂમમાં મધુનો સડી ગયેલો મૃતદેહ પડ્યો હતો. પોલીસે મુધુના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો અને અંકિતની શોધખોળ શરૂ કરી હતી.પત્ની મધુની હત્યા કર્યા પછી અંકિત ગર્લફ્રેન્ડ સાથે ફરાર થઈ ગયો હતો.

બંને ભાગતા ફરી રહ્યા હતાં. લગભગ એક મહિના પછી બંને કોઈ કામ માટે માનેસર પરત આવ્યાં હતાં. પોલીસ સતત સતર્ક હતી. જેવી જ બંનેના આવવાની ખબર મળી, તરત જ અંકિત અને તેની ગર્લફ્રેન્ડને પોલીસે ઝડપી લીધાં. પૂછપરછમાં બંનેએ કેટલાક મહત્વના ખુલાસા થયા કર્યા છે.



### ઉત્તરપ્રદેશમાં ભાવનગરના યુવાને

# ગર્લફ્રેન્ડના ત્રણ ટૂકડા કરી જંગલમાં ફેંકી દીધા

## છેલ્લે પગ ફેંકવા જતા પોલીસે દબોચી લીધો

**સિટી ન્યૂઝ@યુપી**

યુપીના જૌનપુરમાં વોટ્સએપ ચેટ ન બતાવવા પર યુવકે પોતાની પરિણીત ગર્લફ્રેન્ડનું ગળું કાપીને હત્યા કરી દીધી. ત્યારબાદ ધારિયાથી મૃતદેહને ત્રણ ટુકડામાં કાપ્યો. હાથ અને કમરના નીચેના ભાગને કાળી પોલીથીનમાં ભરીને બે અલગ-અલગ જગ્યાએ ફેંકી દીધા હતા. આરોપી યુવક ભાવનગરનો રહેવાસી છે, જ્યારે મૃતક મહિલા વારાણસીની રહેવાસી હતી.જૌનપુરમાં મોર્નિંગ વોક પર નીકળેલા લોકોએ રસ્તા કિનારે ઝાડીઓમાં મોટી પોલીથીન જોઈ તો તેમને શંકા ગઈ. તરત જ તેની જાણ પોલીસને કરી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને પોલીથીન ખોલી. જેમાં મહિલાની કમરનો ઉપરનો ભાગ પડ્યો હતો. જ્યારે આસપાસ તપાસ કરવામાં આવી તો લગભગ એક કિમી દૂર તેના બંને હાથ પડેલા મળ્યા. જ્યારે પગનો ભાગ ગાયબ હતો. પોલીસે બંને ધડ કબજે લઈને આરોપીની શોધખોળ શરૂ કરી. રવિવારે મોડી રાત્રે આરોપી પગના ટુકડા પોલીથીનમાં ભરીને ફેંકવા જઈ રહ્યો હતો, ત્યારે પોલીસે રાત્રે લગભગ સાડા બાર વાગ્યે તેને ઘેરી લીધો હતો. પોતાને ઘેરાયેલો જોઈને તેણે ફાયરિંગ કર્યું. ત્યારબાદ પોલીસે એન્કાઉન્ટરમાં તેના પગ પર ગોળી મારીને તેને પકડી લીધો. તેના



જમણા પગમાં ગોળી વાગી છે. તેની પાસેથી ગડાસા (ધારિયું) અને તમંચો મળી આવ્યો છે. આ ઘટના મડિયાહું કોતવાલી વિસ્તારની છે.

રેશ્મા અન્ય કોઈ યુવક સાથે વાત કરતી હોવાની શંકાને લઈને બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. તે જ રાત્રે તેના વોટ્સએપ ચેટ્સને લઈને વિવાદ વધુ વકર્યો હતો. રેશમાએ વોટ્સએપ ચેટ બતાવવાનો ઈનકાર કર્યો. આ વાત પર બંને વચ્ચે ઝઘડો થવા લાગ્યો. આ દરમિયાન રાત્રે લગભગ નવ વાગ્યે ગુસ્સામાં દિલીપે રસોડામાં રાખેલી છરી વડે રેશમાનું ગળું કાપી નાખ્યું. આ પછી તે લાશને ઠેકાણે પાડવા માટે બજાર ગયો અને ત્યાંથી ધારિયું અને કાળી પોલિથીન ખરીદીને લાવ્યો. ત્યારબાદ તેણે તેના મૃતદેહના ટુકડા કરી નાખ્યા હતા અને તે ટુકડાઓને અલગ-અલગ સ્થળોએ ફેંકી દેવાની તૈયારીમાં હતો.


# ‘ઈન્સ્ટાગ્રામ’ ઉપર ચાલતો બ્લેકમેલિંગનો ખેલ

## ઈન્સ્ટાગ્રામથી યુવાનને યુવતી સાથે મુલાકાત થઈ પછી અંગત ફોટા વાયરલની ધમકીઓ

### લાખો ફોલોઅર્સ ધરાવતી ઈન્ફ્લુએન્સર સામે FIR

**સિટી ન્યૂઝ@ઉત્તરપ્રદેશ**

સોશિયલ મીડિયા પર બનેલી મિત્રતા ક્યારેક ગંભીર વિવાદનું સ્વરૂપ પણ ધારણ કરી શકે છે. ઉત્તર પ્રદેશના સંભલ જિલ્લામાં એક એવી જ ઘટનાએ ચર્ચા જગાવી છે, જેમાં લગભગ એક લાખ ફોલોઅર્સ ધરાવતી સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર યુવતી અને તેના બે સાથીઓ સામે બ્લેકમેલિંગના આરોપો હેઠળ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી યુવકનો આરોપ છે કે.ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા બાદ બંને વચ્ચે નજીકતા વધી હતી, પરંતુ બાદમાં અંગત ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને લાખો રૂપિયાની માંગ કરવામાં આવી. પોલીસમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર, સમગ્ર ઘટનાક્રમ છેલ્લા ત્રણ વર્ષથી ચાલતો હોવાનું સામે આવ્યું છે. ફરિયાદીનો દાવો છે કે શરૂઆતમાં પ્રેમ સંબંધો વિકસ્યા હતા, પરંતુ ત્યારબાદ આ સંબંધ આર્થિક દબાણ અને ધમકીઓમાં ફેરવાઈ ગયો. હાલ પોલીસ સમગ્ર મામલે સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ, નાણાકીય વ્યવહારો અને બંને પક્ષોના દાવાઓની તપાસ કરી રહી છે.FIR મુજબ, સંભલના ચૌધરી સરાય વિસ્તારના રહેવાસી શાહરુખની ત્રણ




વર્ષ પહેલાં ઈન્સ્ટાગ્રામ મારફતે દીપા સરાય વિસ્તારની રહેવાસી અરીશા સાથે ઓળખાણ થઈ હતી. સમય જતાં બંને વચ્ચે વાતચીત વધી અને સંબંધો ગાઢ બન્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ફરિયાદીનો દાવો છે કે, ત્યારબાદ બંને નૈનીતાલમાં પોતાના મિત્રોના જૂથ સાથે મળ્યા હતા. આ મુલાકાત બાદ બંને વચ્ચે વધુ નજીકતા વધી હતી. ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે આ સમયગાળા દરમિયાન કેટલીક અંગત તસવીરો અને વીડિયો રેકોર્ડ કરવામાં આવ્યા હતા, જે બાદમાં દબાણ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવ્યા.



## વડોદરાની યુવતી ભોગ બની

## REELમાં યુકેમાં શિક્ષિકા નોકરીની લાલચે મહિલાએ 13 લાખ ગુમાવ્યા



**સિટી ન્યૂઝ@વડોદરા**

યુકેમાં શિક્ષકની નોકરી મેળવવા જતા કરજણ તાલુકાના વલણ ગામની શિક્ષિકા ઓનલાઈન ભેજાબાજોનો ભોગ બની હતી. ઈન્સ્ટાગ્રામ પર આવેલી જાહેરાતની રીલ જોઈને યુકેનું સપનું સાકાર કરવા જતા શિક્ષિકાએ રૂા.૧૨.૫૨ લાખ ગુમાવ્યા છે.કરજણ તાલુકાના વલણ ગામમાં રહેતી શિક્ષિકા નફિસાબેને પોલીસમાં ફાસ્ટટ્રેક ઈમિગ્રેશન ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના ઈરફાન મોહંમદ સામે નોધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું સાંસરોદની સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરું છું.તા.૧૫ જાન્યુઆરીના રોજ હું ઈન્સ્ટાગ્રામ જોતી હતી ત્યારે ફાસ્ટ ટ્રેક ઈમિગ્રેશન પોસ્ટ આવી હતી જેમાં શિક્ષક સહિત વિવિધ પદો માટેની નોકરીની વિગતો હતી. મેં આ પોસ્ટ પર ક્લિક કરી મેસેજ કરી નોકરી માટે વધુ માહિતી માગતા મને યુકેનો એક નંબર આપ્યો અને તે નંબર પર મેસેજ કરવા જણાવ્યું હતું. આ નંબર પર મેં મેસેજ કરતા એક લિંક મળી હતી જેને ઓપન કરતા વિવિધ માહિતીઓનો ઉલ્લેખ હતો. પ્રાથમિક માહિતી મેં તેમને માગ્યા મુજબ મોકલી હતી પરંતુ બાદમાં મારી પર્સનલ માહિતી માગતા મેં ના પાડી અને નામ પૂછતા મોહંમદ ઈરફાન જણાવ્યું હતું અને બાદમાં હાલમાં મારે કશુ કરવું નથી તેમ કહ્યું હતું.

થોડા દિવસો બાદ યુકેમાં મારા સંબંધીઓને પૂછપરછ કરતા તેમણે ફાસ્ટ બટ્રેક ઈમિગ્રેશન યુકેમાં છે તેમ કહેતા મેં મારા ડોક્યૂમેન્ટ મોહંમદ ઈરફાનને મોકલ્યા હતાં. બાદમાં અરજન્ટ પ્રોસેસ માટે ૧૦૦૦ પાઉન્ડની માગણી કરી વડોદરાના અનશ કુરેશીના બેન્ક એકાઉન્ટની વિગતો આપી હતી.

### અયોધ્યા મંદિરમાં અવિનાશ મંદિરમાં દાનની ગણતરી કરવાની જવાબદારી સંભાળતો

# રામ મંદિરમાં ચોરીના પૈસાથી અવિનાશે ગર્લફ્રેન્ડને બે લાખ અને I-PHONE લઈ દીધો'તો

### અવિનાશનો પગાર હતો 15000, નવી કાર લઈને આવતો નોકરી કરવા



**સિટી ન્યૂઝ@અયોધ્યા**

રામ મંદિરમાં દાનની ગણતરી કરવાની જવાબદારી સંભાળતા અવિનાશ શુક્લાએ નવું ઘર બનાવ્યા બાદ 'બ્રેઝા' કાર ખરીદી હતી. આ ઉપરાંત, તેણે તેની ગર્લફ્રેન્ડને ૨ લાખ ટ્રાન્સફર કર્યા હતા અને તેને આઈફોન ભેટમાં આપ્યો હતો. અવિનાશનો માસિક પગાર ૧૫,૦૦૦ હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીસે તમામ આરોપીઓના ખાતાની વિગતો મેળવી લીધી છે અને હવે તેઓ તેમના પરિવારના સભ્યોના ખાતાઓની પણ તપાસ કરી રહ્યા છે. અયોધ્યા પોલીસે પ્રતાપગઢના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ (DM) અભિષેક પાંડેને પત્ર લખીને અવિનાશ દ્વારા છેલ્લા બે વર્ષમાં ખરીદવામાં આવેલી મિલકતોની વિગતો માંગી છે. અવિનાશ પ્રતાપગઢના મહેશગંજ પોલીસ સ્ટેશનના બાબુપુર નારિયાવન ગામનો રહેવાસી છે.કોંગ્રેસ નેતા ઇમરાન મસૂદે કહ્યું, " ચોરી થઈ છે અને તે પણ ખૂબ મોટી. અહીં ૧૬ કરોડ શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવે છે.સોનાની ભેટની તો વાત જ શું કરવી. આ તો મોટી ચોરી છે. આ માત્ર પૈસાની ચોરી નથી; આ આસ્થા પરનો પ્રહાર છે. લોકો આ અંગે સવાલો ઉઠાવી રહ્યા છે." મહાસચિવ પદ પરથી રાજીનામું આપનાર ચંપત રાય અને ટ્રસ્ટી ડો. અનિલ મિશ્રાને પણ આ બેઠકમાં બોલાવવામાં આવ્યા છે. ટ્રસ્ટના સભ્યો બહુમતીના આધારે નિર્ણય લેશે કે ચંપત રાય અને ડો. અનિલ મિશ્રાનું રાજીનામું મંજૂર કરવું કે નહીં.


### રામ મંદિર ચોરીકાંડમાં રોજ નવા ખુલાસા

## મોજામાં નોટ છૂપાવીને લઈ જતા હતા આરોપીઓ

મંદિરમાં ચોરીના કેસમાં, આરોપીઓ રોકડ રકમ તેમના મોજાં અને ખિસ્સામાં છુપાવીને બહાર લઈ જતા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીસે એક આઈટી (IT) નિષ્ણાતની મદદથી ડિલીટ કરવામાં આવેલું સીસીટીવી (CCTV) ફૂટેજ મેળવ્યા છે. ફૂટેજમાં આરોપીઓ ચોરી કરતા જોવા મળે છે, જોકે તેમના ચહેરા સ્પષ્ટ દેખાતા નથી. પોલીસ હાલમાં ફૂટેજની ક્વોલિટી સુધારવા પર કામ કરી રહી છે.

## 5 કરોડની સોનાથી મઢેલી રામચરિત માનસની પણ ચોરી

### VHP નેતાનો દાવોઃ સોને મઢેલી રામચરિત માનસ સુરક્ષિત છે; વીડિયો જાહેર કર્યો




પૂર્વ IAS લક્ષ્મી નારાયણ

**સિટી ન્યૂઝ@અયોધ્યા**

VHP નેતા પ્રકાશ શર્માએ દાવો કર્યો છે કે સોને મઢેલી રામચરિતમાનસ સુરક્ષિત છે. તેમણે રામચરિતમાનસનો એક વીડિયો પણ જાહેર કર્યો. તેમણે જણાવ્યું હતું કે રામચરિતમાનસ અંગે કરવામાં આવી રહેલા આક્ષેપો ખોટા છે.જ્યારે ભૂતપૂર્વ કેન્દ્રીય ગૃહ સચિવ લક્ષ્મી નારાયણ રામચરિતમાનસ ભેટ આપવા આવ્યા, ત્યારે તેમને સમગ્ર યોજના સ્પષ્ટપણે સમજાવવામાં આવી હતી. તેમને જણાવવામાં આવ્યું હતું કે ૨૦૨૪ની નવરાત્રિ દરમિયાન તેને ગર્ભગૃહના પ્રવેશદ્વાર પર મૂકીને આઠ દિવસ સુધી તેની પૂજા કરવામાં આવશે અને ત્યારબાદ તેને સુરક્ષિત સ્થળે રાખવામાં આવશે.

### પૂર્વ IASએ મંદિરમાં દાનમાં આપી હતીઃ હજુ સુધી રસીદ મળી નથી

ખરેખરમાં, ભૂતપૂર્વ કેન્દ્રીય ગૃહ સચિવ લક્ષ્મી નારાયણે ૪ જુલાઈએ દાવો કર્યો હતો કે તેમનું સોને મઢેલી રામચરિતમાનસ ચોરાઈ ગઈ છે. તેમણે જણાવ્યું હતું કે ૮ એપ્રિલ, ૨૦૨૪ના રોજ તેમણે રામ મંદિર ટ્રસ્ટને ૧.૨૫ ક્વિન્ટલ વજનનું રામચરિત માનસ ભેટ કર્યું હતું, પરંતુ આજદિન સુધી તેની કોઈ પહોંચ (રસીદ) મળી નથી. વધુમાં, ત્રણ-ચાર મહિના પછી તે રામ ચરિત માનસ મંદિરમાંથી ગુમ થઈ ગઈ હતી.

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

**લાઈટ** બંધ રહે છે?



**ગંદુ પાણી** આવે છે?



**રસ્તા** તૂટેલા છે?



**ગંદકી અને સફાઈની** સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો – "સિટી ન્યૂઝ રાજકોટ" સુધી!

તમારી સમસ્યાનો **ફોટો / વિડિયો** મોકલો

અમે તેને સંબંધિત **અધિકારીઓ** સુધી પહૉંચાડશું

ચૂંટણી હોય કે ન હોય –
"સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે
આપનો સહકાર જરૂરી



## સિસ્ટર નિબેદિતાનો રોલ કરશે સેલિના જેટલી

**સિટી ન્યૂઝ@મુંબઈ**

સેલિના જેટલી ટૂંક સમયમાં ફિલ્મોમાં કમબૅક કરી છે. તે 'સિસ્ટર નિબેદિતા'માં લીડ રોલ ભજવશે. આ પ્રોજેક્ટ વિશે વાત કરતાં સેલિનાએ તેને પોતાની કારકિર્દીની સૌથી અંગત અને ઈમોશનલ સફર ગણાવી છે. આ ફિલ્મ વિશે વાત કરતાં સેલિનાએ કહ્યું હતું કે 'સિસ્ટર નિબેદિતા સાથેનો મારો લાગણીસભર સંબંધ આ ફિલ્મ મળ્યાનાં ઘણાં વર્ષો પહેલાં જ શરૂ થઈ ગયો હતો. મારા પપ્પાનું પશ્ચિમ બંગાળમાં પોસ્ટિંગ હતું ત્યારે હું મારાં મમ્મી-પપ્પા સાથે ઘણી વખત દાર્જીલિંગ જતી હતી. રસ્તામાં અમે વારંવાર રૉય વિલામાં રોકાતા. અહીં સિસ્ટર નિબેદિતાએ પોતાના જીવનના અંતિમ દિવસો વિતાવ્યા હતા. મારાં મમ્મી-પપ્પા ત્યાં ફરતાં. આજે પાછળ વળીને જોઉં છું ત્યારે સમજાય છે કે એ સ્થળે હંમેશાં મને અંદરથી સ્પર્શ્યું હતું. મારી મમ્મીએ જ પ્રથમ વખત સિસ્ટર નિબેદિતાના જીવન અને વારસા વિશે જાણકારી આપી હતી. મને ત્યારે જરાય ખ્યાલ નહોતો કે એક દિવસ ભવિષ્યમાં હું આ મહાન આધ્યાત્મિક વ્યક્તિત્વને પડદા પર જીવંત કરવાની પસંદગી બનીશ. સિસ્ટર નિબેદિતાનો જન્મ ૧૮૬૭માં આયરલૅન્ડમાં માર્ગરિટ નોબલ તરીકે થયો હતો.





### રિયાલિટી શોમાં નીતિ ટેલરે ખુલાસો કર્યો

## એક્ટ્રેસને બોયફ્રેન્ડ જાંઘ પર સિગારેટના ડામ દેતો

**સિટી ન્યૂઝ@મુંબઈ**

એમેઝોન પ્રાઈમ પર સ્ટ્રીમ થઈ રહેલો રિયાલિટી શો 'એલાયન્સ' ચર્ચામાં છે. તાજેતરમાં સ્ટ્રીમ થયેલા એક એપિસોડમાં એક્ટ્રેસે ખુલાસો કર્યો છે કે તેના બોયફ્રેન્ડે તેની જાંઘોને સિગારેટથી ડામ આપ્યો, જેનું નિશાન આજે પણ છે. એલાયન્સના તાજેતરના એપિસોડમાં નીતિ ટેલરે જાંઘો પર બનેલા નિશાન બતાવીને કહ્યું, એક્સ બોયફ્રેન્ડે મને ડામ આપ્યો હતો. જ્યારે બધાએ પૂછ્યું કે શું આ ભૂલથી થયું હતું. તો નીતિએ કહ્યું, ના, તે ખૂબ જ હિંસક અને સાયકોટિક હતો. નીતિએ આગળ જણાવ્યું છે કે આ ઘટના તેના એક્સ બોયફ્રેન્ડના જન્મદિવસના દિવસે બની હતી. એક્સે એક નહીં પણ ઘણી જગ્યાએ સિગારેટથી નિશાન બનાવ્યા હતા. તે જ દિવસે તેને થપ્પડ પણ મારવામાં આવી હતી, જેના પછી તેણે સંબંધ તોડી નાખ્યો હતો. વાતચીત દરમિયાન નીતિએ જાંઘો પર ૫ નિશાન ગણાવ્યા, જે સિગારેટથી બનાવવામાં આવ્યા હતા.

**બર્થ-ડે પર દઝાડીને થપ્પડ પણ મારી**

### 3 મહિના પહેલાં જ સગાઈ કરી હતી

## ક્રિકેટર પૃથ્વી શોની સગાઈ તૂટી ?

**સિટી ન્યૂઝ@મુંબઈ**

ભારતીય ક્રિકેટર પૃથ્વી શૉ ફરી એકવાર પોતાના અંગત જીવનને લઈને ચર્ચામાં આવ્યો છે. તેણે આ વર્ષે માર્ચમાં અભિનેત્રી અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર આકૃતિ અગ્રવાલ સાથે સગાઈ કરી હતી. જોકે, તેમના સંબંધોમાં તિરાડ અને સગાઈ તૂટવાની અફવાઓ હવે સોશિયલ મીડિયા પર જોર પકડી રહી છે.

તાજેતરમાં, આકૃતિ અગ્રવાલે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક રહસ્યમય પોસ્ટ શૅર કરી, જેનાથી આ અટકળોને વધુ વેગ મળ્યો. જોકે, તેણે પોસ્ટમાં પૃથ્વી શૉ કે તેની સગાઈનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી. ,આકૃતિએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું, "મને ઘણી વખત દગો આપવામાં આવ્યો હતો, છતાં મેં ક્યારેય કંઈ કહ્યું નહીં. આગળ વધ્યા પછી પણ, હું હજી પણ વિશ્વાસ કરી શકતી નથી કે તે બધું સાચું છે. આ પછી તેણે બીજી પોસ્ટ સાથે લખ્યું, "બધું સાચું છે. દરેક અફવા સાચી છે. સોશિયલ મીડિયા પર તેના વિશે જે કંઈ બતાવવામાં આવી રહ્યું છે તે સાચું છે.



**મંગેતરે સ્ટોરીમાં લખ્યું 'મને ઘણી વખત દગો'**



# સવારે ગોપાલ જ્યારે ગાંધી ખોલીમાં ગયો તો તેની પવિત્રતા સ્પર્શી ગઈ, લાગ્યું જાણે તીર્થસ્થાનમાં આવ્યો છે




વિરાંગ પોતાના શિડ્યૂલને કાયમ વળગી રહેતો હતો. તેમાં એક મિનિટનો પણ ફેરફાર થવા દેતો નહીં. તેને જ્યારે સજા થઈ, ત્યારે તેની ઉંમર ૨૧ વર્ષની હતી. તેણે પોતાની ગર્લફ્રેન્ડને હેરાન કરતા એક છોકરાનું ખૂન કર્યું હતું. વિરાંગે તેને ઘણી વખત સમજાવ્યો હતો કે, તું એને હેરાન કરીશ નહીં. પણ તે માન્યો જ નહીં.તે દિવસે પણ વિરાંગનો ખૂન કરવાનો કોઈ જ ઈરાદો નહોતો. વિરાંગ તેની સાથે માત્ર વાત કરવા જ ગયો હતો. વાત અચાનક વણસી ગઈ અને કાયમ શાંત રહેતા વિરાંગને તે દિવસે; ખબર નહીં, શું થયું! બાજુમાં ઊભી રહેલી શાકની લારી પર પડેલું ચપ્પું ઉપાડી પેલાને બેત્રણ ઘા મારી દીધા. પછી ત્યાંથી ભાગી ગયો. જોકે તેને તરત ખ્યાલ આવી ગયો કે, મારાથી બહુ મોટી ભૂલ થઈ ગઈ છે. પરંતુ ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. પેલો છોકરો મરી ગયો અને કોર્ટે વિરાંગને આજીવન કારાવાસની સજા ફટકારી.

વિરાંગ જેલમાં આવ્યો ત્યારે તેની માનસિક સ્થિતિ પણ ગોપાલ જેવી જ હતી. કાયમ એકલા રહેવાની ટેવવાળા વિરાંગે જલદી પોતાની જાતને સંભાળી લીધી. વિરાંગને બહુ જલદી સમજાઈ ગયું હતું કે, જેલમાં પોતાને વ્યસ્ત રાખવા સિવાય કોઈ વિકલ્પ નથી. તેણે જેલમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમમાં ભણવાનું શરૂ કર્યું. તેને જેલમાં દસ વર્ષ થઈ ગયા હતા. ભારતની તમામ જેલના તમામ કેદીઓમાંથી તેને બેસ્ટ પ્રિઝનરનો એવોર્ડ પણ મળ્યો હતો.

વિરાંગ ખૂબ અભ્યાસ કરતો અને ખૂબ વાંચતો. આખો દિવસ વેલફેર ઑફિસમાં કામ કરતો. બપોરે બે-ત્રણ કલાકના સમયમાં એ બેરેકમાં આવવાને બદલે ગાંધીયાર્ડમાં જતો. ત્યાંની ખોલીમાં બેસીને ઓડિયોબુક બનાવતો હતો. આમ તો વિરાંગ બેરેકમાં બહુ ઓછા લોકો સાથે ભળતો હતો, પણ ગોપાલનો અવાજ સાંભળીને તેને લાગ્યું કે, આ મટિરિયલ કંઈક અલગ જ છે.

બીજા દિવસે સવારે રોજના ક્રમ પ્રમાણે વિરાંગ તૈયાર થઈ ગયો. તેણે જોયું તો ગોપાલ બંધી ખુલ્યાં પછી પણ હજી યાર્ડમાં જ હતો. એ કેદીઓ સાથે ગપાટા મારી રહ્યો હતો. તેણે ગોપાલને બૂમ પાડી, “ગોપાલ...”


ગોપાલ દોડતો આવ્યો એટલે વિરાંગે પૂછ્યું, “હજી તૈયાર નથી થયો?”ગોપાલ વિચાર કરવા લાગ્યો એટલે વિરાંગે કહ્યું, “ઓડિયો ટેસ્ટ માટે જવાનું છે.”ગોપાલને તરત યાદ આવ્યું. તેણે પોતાના માથા પર ટપલી મારી અને કહ્યું, “બસ, દસ મિનિટ આપ. હમણાં જ આવ્યો.”

તેમ કહી ગોપાલ તરત ન્હાવા માટે ભાગ્યો દસ મિનિટમાં ગોપાલ તૈયાર થઈને આવી ગયો. વિરાંગ અને ગોપાલ ચાલતાં ચાલતાં નીકળ્યા. ગોપાલને હજી જેલની ભુગોળ પૂરેપૂરી ખબર નહોતી. તિલકયાર્ડ સુધીનો રસ્તો જ એને ખબર હતો. તિલકયાર્ડથી થોડેક આગળ જઈએ એટલે જેલનો મુખ્ય દરવાજો આવતો હતો. ત્યાંથી જમણી બાજુ એક રોડ જતો હતો. ગોપાલને યાદ આવ્યું કે, આ રસ્તો તો સરદારયાર્ડ તરફ જાય છે. ગોપાલે પૂછ્યું, “આપણે સરદારયાર્ડમાં જઈએ છીએ?”વિરાંગે કહ્યું, “ના, ગાંધીયાર્ડમાં. સરદારયાર્ડની બાજુમાં જ ગાંધીયાર્ડ છે.”

સરદારયાર્ડ પસાર કરીને તેઓ ગાંધીયાર્ડમાં પહોંચ્યા. બહાર ગાંધીયાર્ડ લખેલી એક તક્તી હતી. તેઓ નાના દરવાજામાંથી યાર્ડમાં દાખલ થયા. ડાબી બાજુ એક નાનકડી ખોલી હતી. એની ઉપર લખ્યું હતું, સ્ટુડિયો. ગોપાલને વિચાર આવી ગયો કે, અહીંયા ફોટો પાડતા હશે? ગોપાલનો ચહેરો જોઈ વિરાંગે તરત કહ્યું, “જે કેદીઓને ચિત્ર દોરતા આવડે છે, તે આ સ્ટુડિયોમાં આવીને આર્ટ વર્ક કરે છે.”

ગોપાલને બહુ આશ્ચર્ય થયું કે, જેલમાં કેદીઓ પેન્ટિંગ પણ કરે છે! સ્ટુડિયોની બરાબર સામે કતારબંધ ખોલીઓ હતી. આખું યાર્ડ એકદમ સાફ હતું. બે ત્રણ કેદીઓ સફાઈકામ કરી રહ્યા હતા. સવારનો સમય હતો. યાર્ડના લીમડા પર બેઠેલા પક્ષીઓનો અવાજ વાતાવરણમાં પ્રાણ ફૂંકતો હતો. વિરાંગે એક ખોલી તરફ ઈશારો કરતાં કહ્યું, “ત્રીજા નંબરની ખોલીમાં ગાંધીને રાખવામાં આવ્યા હતા.”

ગોપાલ એકદમ અચરજમાં પડી ગયો. ગાંધી અહીંયા રહ્યા હતા! તેણે વિરાંગ સામે જોયું. અનેએ ખોલી તરફ ચાલવા લાગ્યો. આગળ જઈ ગોપાલે ચંપલ ઉતાર્યાં અને પગથિયાં ચઢી ત્રીજા નંબરની ખોલી તરફ ગયો. ખોલીની બહાર ઉપરની બાજુએ એક તકતી હતી. જેમાં લખ્યું હતું કે, ૧૯૨૨માં ગાંધીજીને અહીં રાખવામાં આવ્યા હતા. વિરાંગે કહ્યું, “૧૯૨૨થી આ ખોલીને કેદીઓ ગાંધીખોલી તરીકે ઓળખે છે.”



**પ્રશાંત દયાળ**

ગોપાલે ખોલીમાં જોયું. અડધાં કદની ગાંધીની એક પ્રતિમા હતી. પ્રતિમાની બાજુમાં ગાંધીનો પ્રિય રેંટિયો હતો અને પ્રતિમાની સામે થોડાક ફૂલ હતા તથા દીવો સળગી રહ્યો હતો. ગોપાલથી અનાયાસે જ બે હાથ જોડાઈ ગયા. ગાંધીખોલીની પવિત્રતા ગોપાલને સ્પર્શી ગઈ. ગોપાલને સ્વપનેય ખ્યાલ નહોતો કે, આ ગાંધી તેના જીવનમાં ભુકંપ લાવવાનો છે!

વિરાંગ પોતે જાણે ગાઈડ હોય, એ રીતે તેણે ગોપાલને માહિતી આપતાં જણાવ્યું, “૧૯૨૨માં ગાંધીએ નવજીવન અખબારમાં અંગ્રેજી સત્તાને પડકારતો લેખ લખ્યો હતો. જેને લીધે તેમને છ વર્ષની સજા થઈ હતી. સજા સંભળાવ્યા પછી તેમને તરત અહીં સાબરમતી જેલમાં લાવવામાં આવ્યા હતા. અને આ જ ખોલીમાં રાખવામાં આવ્યા હતા. દસ દિવસ પછી તેમને યરવાડા જેલમાં લઈ જવામાં આવ્યા હતા.”

ગોપાલ એકદમ ભાવુક થઈને ગાંધી વિશે સાંભળી રહ્યો હતો. ગોપાલે કહ્યું, “૧૯૨૨થી અત્યાર સુધી ગાંધીખોલીમાં રોજ કેદીઓ દીવો કરે છે. કારણ કે તેમને લાગે છે કે, ગાંધી આજે પણ અહીંયા જીવે છે!”અચાનક વિરાંગને યાદ આવ્યું કે, તે કંઈક જુદા જ કામે અહીંયા આવ્યો છે. તેણે ગાંધીની વાત અટકાવતાં કહ્યું, “બાજુની ખોલીમાં ચાલ.”

તે ગોપાલને બાજુની ખોલીમાં લઈ ગયો. ત્યાં એક ટેબલ હતું. તેની ઉપર કોમ્પ્યૂટર અને હેડ ફોન પડ્યા હતા. વિરાંગ પહેલાં તો ખુરશીમાં બેઠો અને કોમ્પ્યૂટર ઓન કર્યું. ઓડિયો સિસ્ટમ ચેક કરી. પછી ખુરશીમાંથી ઊભો થયો અને ગોપાલને કહ્યું, “બેસ અહીંયા.”

ગોપાલ ખુરશીમાં બેઠો. વિરાંગે તેના કાને હેડફોન લગાવ્યા અને એક પુસ્તક આપ્યું. તેમાંથી ગોપાલને બે ફકરા વાંચવાનું કહ્યું. ગોપાલ વાંચી રહ્યો હતો, ત્યારે વિરાંગે તેને અટકાવતાં કહ્યું, “ગોપાલ, આપણે ઓડિયોબુક બનાવીએ છીએ. જે અંધ વ્યકિત વાંચી શકતી નથી, તેમના માટેની આ બુક છે. જરા ધીમે ધીમે વાંચવાનું. ઓકે?”

તેમ કહી તેણે અગાઉનું રેકોર્ડિંગ ડિલિટ કરીને ફરી વાંચવાની સૂચના આપી. ગોપાલે ફરી વાંચવાની શરૂઆત કરી. એ વાંચી રહ્યો હતો ત્યારે વિરાંગનો ચહેરો કહી રહ્યો હતો કે, એ ખોટો નથી પડ્યો. ગોપાલનો અવાજ ઓડિયોબુક માટે પરફેક્ટ હતો. રેકોર્ડિંગ પૂરું થતાં ગોપાલે વિરાંગ સામે જોયું. વિરાંગે કહ્યું, “આજે સાંજે અંધજન મંડળના સાહેબ આવશે. તેમને તારું રેકોર્ડિંગ આપી દઈશ. પછી તે નિર્ણય કરશે.”

ગોપાલે પૂછ્યું, “પણ તને કેવું લાગ્યું?”વિરાંગે થમ્સઅપનો ઈશારો કર્યો. (ક્રમશઃ)

# રાષ્ટ્રવાદના પ્રખર પુરોધા ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી

# 'એક દેશ, એક વિધાન, એક નિશાન'ના પ્રણેતા

## કાશ્મીરના સંપૂર્ણ એકીકરણ માટે ઐતિહાસિક સંઘર્ષ કરનાર મહાન રાષ્ટ્રવાદીને કોટિ-કોટિ વંદન

**સિટી ન્યૂઝ@જયપુર**

તા. ૬ જુલાઈ ભારતના પ્રખર રાષ્ટ્રવાદી નેતા, શિક્ષણવિદ, પ્રખર વિચારક, સંસદસભ્ય અને ભારતીય જનસંઘના સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની જન્મજયંતિ છે. રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રવાદી વિચારધારાના અગ્રદૂત તરીકે તેમનું યોગદાન ભારતીય ઇતિહાસમાં સદા અવિસ્મરણીય રહેશે. ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીનો જન્મ ૬ જુલાઈ, ૧૯૦૧ના રોજ તત્કાલીન કલકત્તા (હાલ કોલકાતા)માં એક પ્રતિષ્ઠિત પરિવારમાં થયો હતો. તેમના પિતા સર આશુતોષ મુખર્જી દેશના વિખ્યાત શિક્ષણવિદ અને ન્યાયાધીશ હતા, જ્યારે માતા યોગમાયા દેવી ધાર્મિક તથા સંસ્કારી વ્યક્તિત્વ ધરાવતા હતા. બાળપણથી જ તેઓ તેજસ્વી બુદ્ધિ, રાષ્ટ્રપ્રેમ અને સમાજસેવાની ભાવનાથી પ્રેરાયેલા હતા.

તેમણે કોલકાતા યુનિવર્સિટીમાંથી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ ઈંગ્લેન્ડમાં કાયદાનો અભ્યાસ પૂર્ણ કરીને વર્ષ ૧૯૨૬માં બેરિસ્ટર તરીકે સ્વદેશ પરત ફર્યા. તેમની અસાધારણ પ્રતિભા અને શિક્ષણક્ષેત્રે કરેલા યોગદાનને કારણે તેઓ માત્ર ૩૩ વર્ષની વયે કોલકાતા યુનિવર્સિટીના કુલપતિ બન્યા હતા. આ સિદ્ધિએ તેમને દેશના અગ્રણી શિક્ષણવિદોમાં સ્થાન અપાવ્યું.

શિક્ષણક્ષેત્રમાં સફળ કારકિર્દી હોવા છતાં તેમણે રાષ્ટ્રસેવાને જીવનધ્યેય બનાવી રાજકારણમાં પ્રવેશ કર્યો. બંગાળના રાજકીય અને સામાજિક પ્રશ્નો, રાષ્ટ્રીય હિત અને સાંસ્કૃતિક એકતાના મુદ્દાઓ પર તેમણે હંમેશા નિર્ભીકતાથી પોતાનો અવાજ ઉઠાવ્યો. તેઓ ધર્મના આધારે ભારતના વિભાજનના કટ્ટર વિરોધી હતા અને અખંડ ભારતના પ્રબળ હિમાયતી રહ્યા.

દેશની આઝાદી બાદ તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ કેન્દ્રીય મંત્રીમંડળમાં ઉદ્યોગ અને પુરવઠા મંત્રી તરીકે જોડાયા. દેશના ઔદ્યોગિક વિકાસ અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા તેમણે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. બંધારણ સભાના સભ્ય અને લોકપ્રતિનિધિ તરીકે પણ તેમણે દેશહિતને સર્વોચ્ચ સ્થાન આપ્યું.

વિચારધારાના પ્રશ્ને મતભેદોને કારણે તેમણે કેન્દ્રીય મંત્રીપદેથી રાજીનામું આપ્યું નાણાપ્રધાનના પદેથી તેમણે રાજીનામું આપ્યું. આ દિવસો દરમિયાન તેઓ હિંદુ મહાસભાના પ્રમુખ વીર સાવરકરના સંપર્કમાં આવ્યા અને હિંદુ મહાસભામાં જોડાયા. તે સંસ્થામાં સક્રિય બન્યા પછી તેઓ લોકમાન્ય ટિળક, મહાત્મા ગાંધી, સરદાર પટેલ, રાજગોપાલાચારી, સુભાષચંદ્ર બોઝ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક ડૉ. કેશવ બલિરામ હેડગેવાર જેવા ઉચ્ચ કક્ષાના નેતાઓના સંપર્કમાં આવ્યા. ૧૯૪૩ માં હિંદુ મહાસભાના પ્રમુખ બન્યા પછી દેશના વિવિધ પ્રશ્નો માટે તેમણે દેશના વિવિધ પ્રદેશોની મુલાકાત લઈ લોકસંપર્ક કરેલો. આ દિવસો દરમિયાન હિંદુ મહાસભાના



બંધારણમાં આવશ્યક ફેરફાર ન થતાં ડૉ. મુખરજીએ અધ્યક્ષ તરીકે રાજીનામું આપ્યું.

ત્યારબાદ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક માધવરાવ ગોળવલકર સાથે લાંબી વિચારણાને અંતે ડૉ. મુખરજીએ અને ૨૧ ઓક્ટોબર, ૧૯૫૧ના રોજ ભારતીય જનસંઘની સ્થાપના કરી. તેમના નેતૃત્વમાં જનસંઘે રાષ્ટ્રવાદી રાજકારણને નવી દિશા આપી, જે આગળ જતાં ભારતીય જનતા પાર્ટીના પાયારૂપ સંગઠન તરીકે વિકસ્યો. હિંદુત્વને આ પક્ષે પોતાના ચિંતનમાં મુખ્ય સ્થાન આપ્યું અને સંઘના શિસ્તબદ્ધ સ્વયંસેવકોનો પક્ષને ટેકો મળતાં ડૉ. શ્યામાપ્રસાદના નેતૃત્વ નીચે ૧૯૫૨ ની પ્રથમ લોકસભામાં ૩ અને રાજ્યની ધારાસભાઓમાં ૩૩ બેઠકો પક્ષે ૩ %થી વધુ મતો સાથે મેળવી; જેના લીધે જનસંઘને રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્યતા મળી. લોકસભામાં તેમણે રામરાજ્ય પરિષદ, હિંદુ મહાસભા અને અકાલીદળ જેવા સમાન વિચારસરણીવાળા પક્ષોનો મોરચો બનાવીને તેને નેતૃત્વ પૂરું પાડ્યું અને વિરોધપક્ષની ભૂમિકા પ્રભાવશાળી બનાવવા સફળ પ્રયત્ન કર્યો. રાષ્ટ્રીય પ્રશ્નોના ઉકેલ માટે પંડિત નહેરુની કૉંગ્રેસ સરકાર સાથે જરૂર જણાય ત્યારે સંઘર્ષ છતાં પણ રચનાત્મક કાર્યોમાં જરૂર પડ્યે સહકાર સાધવાની નીતિ અખત્યાર કરી. તેમાં જમ્મુ-કાશ્મીરનો પ્રશ્ન નિર્ણાયક બન્યો.



**આલેખન**
**અરૂણ નિર્મળ**
(પ્રેસ મીડિયા અગ્રણી ભારતીય જનતા પાર્ટી)

ભારતની બંધારણસભાના સભ્ય તરીકે ડૉ. શ્યામાપ્રસાદના વિરોધ છતાં, જમ્મુ-કાશ્મીરના તત્કાલીન મુખ્યપ્રધાન શેખ અબ્દુલ્લાના આગ્રહથી ભારતના બંધારણમાં ૩૭૦ મી કલમ ઉમેરાઈ હતી. આ કલમ પ્રમાણે જમ્મુ-કાશ્મીરની બંધારણસભા તેનું અલગ બંધારણ ઘડી રહી હતી. આ બંધારણની અલગ નાગરિકત્વ અને અલગ રાષ્ટ્રધ્વજ જેવી બાબતો સામે જમ્મુની આમજનતા અને પ્રજાપરિષદ ચિંતિત

### ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી

- **જન્મ:** ૬ જુલાઈ, ૧૯૦૧ (કલકત્તા, પશ્ચિમ બંગાળ)
- **અવસાન:** ૨૩ જૂન, ૧૯૫૩ (શ્રીનગર, જમ્મુ-કાશ્મીર)
- **પિતા:** સર આશુતોષ મુખર્જી
- **માતા:** યોગમાયા દેવી
- **શિક્ષણ:** કોલકાતા યુનિવર્સિટી, ઈંગ્લેન્ડથી બેરિસ્ટર
- **વિશેષ સિદ્ધિ:** ૩૩ વર્ષની વયે કોલકાતા યુનિવર્સિટીના કુલપતિ બન્યા
- **રાજકીય કારકિર્દી:** સ્વતંત્ર ભારતના પ્રથમ કેન્દ્રીય મંત્રીમંડળમાં ઉદ્યોગ અને પુરવઠા મંત્રી
- **સ્થાપના:** ૨૧ ઓક્ટોબર, ૧૯૫૧ના રોજ ભારતીય જનસંઘની સ્થાપના
- **પ્રખ્યાત સૂત્ર:** "એક દેશમાં બે વિધાન, બે પ્રધાન અને બે નિશાન નહીં ચાલે"
- **વિશેષ યોગદાન:** જમ્મુ-કાશ્મીરના સંપૂર્ણ એકીકરણ અને રાષ્ટ્રીય એકતા માટે ઐતિહાસિક સંઘર્ષ
- **ઓળખ:** પ્રખર રાષ્ટ્રવાદી, શિક્ષણવિદ, સંસદસભ્ય, ભારતીય જનસંઘના સ્થાપક અને અખંડ ભારતના મજબૂત હિમાયતી
- **વારસો:** તેમના વિચારો અને રાષ્ટ્રવાદી દૃષ્ટિકોણે ભારતીય જનતા પાર્ટી સહિત રાષ્ટ્રવાદી રાજકારણને નવી દિશા આપી.

હતી. પ્રજાપરિષદના તત્કાલીન નેતા પ્રેમનાથ ડોગરાના આગ્રહથી ૮ ઑગસ્ટ, ૧૯૫૨ ના રોજ ડૉ. શ્યામાપ્રસાદે જમ્મુ-કાશ્મીરની મુલાકાત લીધી. તેમણે શેખ અબ્દુલ્લા અને વડાપ્રધાનશ્રી પં. જવાહરલાલને રૂબરૂમાં મળીને અને પાછળથી પત્રવ્યવહાર દ્વારા આ રાષ્ટ્રીય પ્રશ્નના ઉકેલ માટે પ્રયત્ન કર્યો; પરંતુ જ્યારે તેમને નિરાશા મળી ત્યારે તેમના પ્રમુખપદ નીચે ભારતીય જનસંઘે પ્રજાપરિષદના સત્યાગ્રહને ટેકો જાહેર કરતો ઠરાવ કર્યો. પક્ષે દિલ્હીને કેન્દ્ર બનાવી રાષ્ટ્રવ્યાપી આંદોલન કર્યું. ૮ મી મે, ૧૯૫૩ ના રોજ ડૉ. મુખરજીએ કાશ્મીરની પરવાના પ્રથાનો સવિનય કાનૂન ભંગ કરતાં તેમની ધરપકડ કરી તેમને શ્રીનગરની જેલમાં લઈ જવાયા, જ્યાં તેમની તબિયત કથળી. ત્યારબાદ ૨૩ જૂન, ૧૯૫૩ ના રોજ તેમને શ્રીનગર હૉસ્પિટલમાં છેલ્લી ઘડીએ દાખલ કરાયા, જ્યાં તેમનું અવસાન થયું. તેમનું નિધન ભારતીય રાજકીય ઇતિહાસની સૌથી ચર્ચાસ્પદ ઘટનાઓમાંની એક માનવામાં આવે છે.

ડૉ. મુખર્જીનું નામ જમ્મુ-કાશ્મીર મુદ્દે તેમના અડગ અને સ્પષ્ટ વલણ માટે વિશેષ રીતે યાદ કરવામાં આવે છે. તેઓ માનતા હતા કે એક દેશમાં અલગ બંધારણ, અલગ ધ્વજ અને અલગ વડાપ્રધાનની વ્યવસ્થા દેશની એકતા માટે યોગ્ય નથી. તેમનું પ્રખ્યાત સૂત્ર "એક દેશમાં બે વિધાન, બે પ્રધાન અને બે નિશાન નહીં ચાલે" આજે પણ રાષ્ટ્રીય એકતાના સંકલ્પનું પ્રતીક માનવામાં આવે છે. ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીનું સમગ્ર જીવન રાષ્ટ્રની એકતા, અખંડિતતા, શિક્ષણ, લોકશાહી મૂલ્યો અને રાષ્ટ્રવાદને સમર્પિત રહ્યું. તેમના વિચારો અને આદર્શો આજે પણ લાખો દેશવાસીઓને દેશસેવા, રાષ્ટ્રનિર્માણ અને અખંડ ભારતના સંકલ્પ માટે પ્રેરણા આપે છે. ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની જન્મજયંતિ નિમિત્તે તેમને શત શત વંદન.

### આમાં ક્યાંથી ભણે ગુજરાત?

# વલભીપુર સહિત સમગ્ર ભાવનગર જિલ્લામાં પાઠ્યપુસ્તકોનો અભાવ

## વલ્લભીપુરમાં ધો.6નું ગણિતનું અને ધો.7નું અંગ્રેજીનું પાઠ્યપુસ્તક જ નથી આવ્યું : તંત્ર પાસે તાત્કાલિક કાર્યવાહીની વાલીઓની માંગ

સટી ન્યૂઝ@વલ્લભીપુર

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં શિક્ષણના સ્તરને ઊંચું લાવવા માટે સતત દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ જોવા મળી રહી છે. ઉનાળુ વેકેશન પૂરું થયાને હવે એક મહિનો થવા આવ્યો છે, તેમ છતાં વલભીપુર તાલુકાની શાળાઓમાં હજુ સુધી વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો મળ્યા નથી. શિક્ષણના આ મહત્વપૂર્ણ મુદ્દાને લઈને વાલીઓમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વલભીપુર તાલુકાની શાળાઓમાં ધોરણ ૬નું ગણિતનું અને ધોરણ ૭નું અંગ્રેજી વિષયનું પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓને ઉપલબ્ધ થયું નથી. સૂત્રો દ્વારા એવી પણ વિગતો મળી રહી છે કે આ સમસ્યા માત્ર વલભીપુર પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમગ્ર ભાવનગર જિલ્લામાં જ પાઠ્યપુસ્તકોનો પુરવઠો સમયસર પહોંચ્યો નથી. નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થયાને ઘણો સમય વીતી ગયો હોવા છતાં પુસ્તકોના અભાવે વિદ્યાર્થીઓનું ભણતર ગંભીર રીતે પ્રભાવિત થઈ રહ્યું છે.

પાઠ્યપુસ્તકો વગર વિદ્યાર્થીઓ કેવી રીતે અભ્યાસ કરશે, તેવો સવાલ વાલીઓ ઉઠાવી રહ્યા છે. વાલીઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સરકાર જો ખરેખર શિક્ષણ પ્રત્યે ગંભીર હોય, તો આ પ્રકારની બેદરકારી ન હોવી જોઈએ. બાળકોના ભવિષ્ય સાથે થઈ રહેલા આ ચેડાં સામે વાલીઓએ તંત્ર પાસે તાત્કાલિક હસ્તક્ષેપ કરી ટૂંક સમયમાં પાઠ્યપુસ્તકોનો જથ્થો શાળાઓ સુધી પહોંચાડવા માટે ઉગ્ર માંગ કરી છે. તંત્ર દ્વારા આ બાબતે સત્વરે પગલાં લેવામાં આવે અને વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલી દૂર કરવામાં આવે તે અત્યંત જરૂરી છે.

# જંગલેશ્વરમાં ડિમોલિશન બાદ કોંગ્રેસ મેદાને સર્જાયેલી નરક જેવી સ્થિતિનું નિરાકરણ

## » શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજા અને વોર્ડ નં. ૧૬ ના કોર્પોરેટરોની સરપ્રાઈઝ વિઝિટથી અધિકારીઓ દોડતા થયા

સટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના શાસકો અને અધિકારીઓની લાલિયાવાડી અને સંવેદનહીનતાનો વધુ એક નમૂનો જંગલેશ્વર વિસ્તારમાં જોવા મળ્યો હતો. ગરીબોના મકાનો તોડવા માટે યુદ્ધના ધોરણે દોડી જતું મનપા તંત્ર ડિમોલિશન બાદ ત્યાં સર્જાયેલી ગંદકી, રસ્તા પરના ભયજનક ખાડાઓ અને વરસાદી પાણીના ભરાવાના મુદ્દે સદંતર આંખ આડા કાન કરી રહ્યું હતું. રોગચાળો ફાટી નીકળવાની ભીતિ વચ્ચે નરક સમાન સ્થિતિમાં જીવતા સ્થાનિકોની વ્હારે અંતે કોંગ્રેસ આવી હતી

**» મકાનો તોડવામાં 'યુદ્ધના ધોરણે' કામ કરતું તંત્ર ખાડા અને ગંદકી દૂર કરવામાં ઊંઘતું ઝડપાયું, રોગચાળાની ભીતિ**

અને ગણતરીના કલાકોમાં જ તંત્રને ઢંઢોળીને કામગીરી શરૂ કરાવી હતી. પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજાના સીધા માર્ગદર્શન હેઠળ વોર્ડ નં. ૧૬ ના કોંગ્રેસના જાગૃત કોર્પોરેટરો અર્જુનભાઈ ચૌહાણ, દીપિબેન સોલંકી, રસીલાબેન ગરૈયા અને ઈબ્રાહીમભાઈ સોરાએ જંગલેશ્વર વિસ્તારની અચાનક મુલાકાત લીધી હતી. ભયંકર ગંદકી અને હાલાકી વચ્ચે જીવતા લોકોની વેદના સાંભળીને કોંગ્રેસના આગેવાનોએ સ્થળ પરથી જ મનપાના સંબંધિત અધિકારીઓને તાત્કાલિક બોલાવ્યા હતા. અધિકારીઓને સ્થળ પર જ ખખડાવીને લોકોને પડતી મુશ્કેલીઓ તાત્કાલિક દૂર કરવાની કડક સૂચના અપાતા જ તંત્ર સફાળું જાગ્યું હતું અને પરિણામે કલાકોની અંદર જ રસ્તાના પ્રશ્નો અને પાણી નિકાલની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી.



### ભાજપના કોર્પોરેટરો માત્ર ચૂંટણી પૂરતા જ દેખાય છેઃ રાજદીપસિંહ જાડેજા

આ તકે તંત્ર અને શાસક પક્ષ ભાજપ પર આકરા પ્રહારો કરતા શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, "શહેરમાં અનેક વિસ્તારોમાં ભાજપના કોર્પોરેટરો ચૂંટણી જીત્યા બાદ પ્રજાની વચ્ચે જોવા પણ મળતા નથી. સ્થાનિક લોકો પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે છતાં શાસકો એસી ચેમ્બરમાંથી બહાર આવવા તૈયાર નથી. જ્યારે બીજી તરફ કોંગ્રેસ પક્ષ હંમેશા સામાન્ય જનતાની વચ્ચે રહી તેમના પ્રશ્નોને વાચા આપવા માટે સતત કાર્યરત છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે કોંગ્રેસના કાર્યકરો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ દિવસ-રાત લોકોની વચ્ચે રહીને તેમના સુખ-દુખમાં સતત તેમની સાથે ઊભા રહી જનસેવાનું સાચું કાર્ય કરી રહ્યા છે.

# લોધિકાના રાવકી ગામે જમીન ખાલી કરાવવા પ્રશ્ને યુવકની હત્યા

સટી ન્યૂઝ@રાજકોટ

લોધીકા તાલુકાના રાવકી ગામે રહેતા ભરત વાલજીભાઇ ડાંગરની જમીન ખાલી કરાવવા પ્રશ્ને હત્યા થયાનું ખુલ્યું છે. પોલીસે હત્યા કરનાર કૌટુંબીક કાકા અને મામાની ધરપકડ કરી છે.

મળતી વિગતો મુજબ લોધીકાના રાવકી ગામે એસેન્ટ કારમાંથી ભરતભાઈની લાશ મળી આવી હતી. કૌટુંબીક કાકા વિજય ઉર્ફે જીગો રમેશભાઇ ડાંગર તથા કૌટુંબીક મામા કટી કેશુભાઇ બગડા સાથે જમીન ખાલી કરાવવા બાબતે ઝઘડો થતા ગાળા-ગાળી-લાફાવાળી થઇ હતી ત્યાર બાદ બંને આરોપીઓએ મૃતકને ધોકાના ઘા ઝીંકી પતાવી દીધો હતો અને હત્યા બાદ પુરાવા છુપાવવા મૃતકની લાશ એસેન્ટ કારમાં મુકી દીધી હતી. લાશ કારમાંથી મળવાની નોંધ કરાવી બનાવને કુદરતી કે અકસ્માતે મોતમાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન પી.એમ. રીપોર્ટમા ભરતભાઈની હત્યા થઇ હોવાનું જાહેર થતા એક્શનમાં આવેલી પોલીસે શંકાના પરીઘમાં રહેલ મૃતક ભરતભાઇના કૌટુંબીક કાકા વિજય ડાંગર તથા કટ્ટી બગડાને સકંજામાં લઇ લીધા હતા. લોધીકાના પીઆઇ ઈન્દ્રજીતસિંહ સરવૈયાએ જણાવ્યું હતું કે પકડાયેલ બંને આરોપીઓએ હત્યાની કબુલાત આપી છે. મૃતક ભરતભાઇ ડાંગરે અગાઉ આરોપી કૌટુંબીક કાકા વિજય ડાંગરની ખરાબાની જમીન ખાલી કરાવી હતી તેનો ખાર રાખી કૌટુંબીક કાકા વિજય ડાંગરે અન્ય આરોપી કટ્ટી બગડા સાથે મળી પુર્વયોજીત કાવત્રુ રચી ભરતભાઈનું ઢીમ ઢાળી દીધું હતું. આ બનાવ અંગે મૃતકના બહેન રેખાબહેન ચિરાગભાઇ બગડાની ફરીયાદ ઉપરથી લોધીકા પોલીસે આરોપી વિજય ડાંગર તથા કટ્ટી બગડા અને તપાસમાં ખુલે તે તમામ સામે ગુન્હો દાખલ કર્યો છે. લોધીકા પોલીસે વિજય ડાંગર તથા કટ્ટી બગડાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# હીરાસર એરપોર્ટના 160થી વધુ શ્રમિકોને PF-ESI અને સમયસર પગારનો ન્યાય

» **અભિષેક ગોરીની લેખિત લડત સફળ; બાકી રકમ ચૂકવવા અને દર મહિનાની ૧થી ૧૦ તારીખમાં પગાર જમા કરવાની ખાતરી**

સટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટના હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કોન્ટ્રાક્ટ આધારે કાર્યરત ૧૬૦થી વધુ સફાઈકામદારો, ઓપરેટરો અને સુપરવાઈઝરોના PF, ESI અને પગાર સંબંધિત મુદ્દે લાંબા સમયથી ચાલી રહેલી ગંભીર સમસ્યાનો અંત આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. રાજકોટ શહેર ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના મહામંત્રી અભિષેક ગોરીની આગેવાનીમાં સતત અને દ્રઢ રજૂઆતો બાદ કંપનીએ બાકી નાણાં ચૂકવવા તેમજ દર મહિનાની ૧થી ૧૦ તારીખ વચ્ચે નિયમિત રીતે પગાર જમા કરાવવાની ખાતરી આપી હોવાનું જણાવાયું છે.

અભિષેક ગોરીએ જણાવ્યું હતું કે હીરાસર એરપોર્ટ પર કામગીરી કરતી ખાનગી કંપની 'અસીમ કોમ્યુનિકેશન પ્રાઈવેટ લિમિટેડ' છેલ્લા એક વર્ષથી કર્મચારીઓના પગારમાંથી PF અને ESIની રકમ કપાતી હોવા છતાં તે સંબંધિત સરકારી ખાતામાં જમા કરતી ન હતી. ઉપરાંત કર્મચારીઓને સમયસર પગાર પણ મળતો ન હોવાથી તેઓ આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા. આ ગંભીર મુદ્દે સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, મુખ્યમંત્રી કાર્યાલય, રાજકોટ કલેક્ટર તેમજ રાષ્ટ્રીય સફાઈ કામદાર આયોગ સમક્ષ પુરાવા સાથે લેખિત રજૂઆતો કરવામાં આવી હતી.

આ રજૂઆતોના અનુસંધાનમાં વહીવટી તંત્ર સક્રિય બનતા કંપનીએ કર્મચારીઓના બાકી PF, ESI અને બોનસની સંપૂર્ણ ચૂકવણી કરવાની તેમજ ભવિષ્યમાં દર મહિનાની ૧થી ૧૦ તારીખ દરમિયાન નિયમિત પગાર જમા કરાવવાની લેખિત ખાતરી આપી હોવાનું જણાવાયું છે. આ નિર્ણયથી શ્રમિકોમાં વિશ્વાસ અને રાહતનો માહોલ સર્જાયો છે.

આ નિર્ણય બાદ એરપોર્ટના ૧૬૦થી વધુ કર્મચારીઓએ અભિષેક ગોરીનું ફૂલહાર અને સાલ ઓઢાડી સન્માન કર્યું હતું તેમજ સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે અને ભાજપ સંગઠનનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# આત્મનિર્ભર ફાઉન્ડેશનનો બાળકો અને મહિલાઓ માટે નિઃશુલ્ક કાર્યક્રમ 12 જુલાઈએ

» **ફેશન શો, ડાન્સ–સિંગિંગ સ્પર્ધા, હેલ્થ ચેકઅપ અને વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન**

સટી ન્યૂઝ@રાજકોટ

આત્મનિર્ભર ફાઉન્ડેશનના ઉપક્રમે ૧૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૩૦ કલાકે લિમડા ચોક સ્થિત હોટેલ ક્લાસિક (મોમાઈ ટી સ્ટોલ ઉપર, સાતમા માળે) ખાતે બાળકો, મહિલાઓ અને નાગરિકો માટે સંપૂર્ણ નિશુલ્ક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.


કાર્યક્રમમાં બાળકો અને વાલીઓ માટે ફેશન શો, સિંગિંગ અને ડાન્સિંગ સ્પર્ધા, વિવિધ રમતો, નિશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ તેમજ વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. વિવિધ સ્પર્ધાના વિજેતાઓને શિલ્ડ અને ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવશે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, રાજકોટના મેયર ડો. નેહલ શુક્લ, સમાજના અગ્રણી મુકેશભાઈ તન્ના, પૂર્વ ધારાસભ્ય ડો. ભરતભાઈ બોઘરા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

ફાઉન્ડેશનના પ્રમુખ તન્વીબેન લ્હેરૂએ જણાવ્યું હતું કે સંસ્થા વર્ષ દરમિયાન ૩૦થી ૪૦ જેટલા સામાજિક, સાંસ્કૃતિક અને પ્રેરણાત્મક કાર્યક્રમોનું આયોજન કરે છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોમાં આત્મવિશ્વાસ વધારવાનો અને તેમની પ્રતિભાને યોગ્ય મંચ પૂરો પાડવાનો છે.



કાર્યક્રમને સફળ બનાવવા માટે જયશ્રીબેન ગોહેલ, હર્ષાબેન ભટ્ટ, સીમાબેન, પારૂલબેન બુદ્ધદેવ, કલ્પનાબેન ત્રિવેદી સહિત ફાઉન્ડેશનની ટીમ જહેમત ઉઠાવી રહી છે. કાર્યક્રમમાં ભાગ લેવા માટે ઈચ્છુક નાગરિકો આત્મનિર્ભર ફાઉન્ડેશનના પ્રમુખ તન્વીબેન લ્હેરૂનો મોબાઈલ નંબર ૮૮૪૯૮ ૦૨૬૫૬ પર સંપર્ક કરી નોંધણી કરાવી શકશે.



# સામાન્ય છાંટા પડતાં જ વોર્ડ નં. 11ના મવડી મેઈન રોડ પર સ્ટ્રીટ લાઈટો ડૂલ!

સટી ન્યૂઝ@રાજકોટ

મનપાના 'સ્માર્ટ સિટી' અને પ્રિ-મોન્સૂન કામગીરીના મસમોટા દાવાઓ વચ્ચે પહેલા વરસાદના સામાન્ય છાંટણાએ જ તંત્રની પોલ ખોલી છે. વોર્ડ નં. ૧૧ ના વ્યસ્ત મવડી મેઈન રોડ પર વરસાદના છાંટા પડતાં જ સ્ટ્રીટ લાઈટો ડૂલ થતાં સમગ્ર વિસ્તાર ગાઢ અંધારપટમાં ગરકાવ થઈ ગયો હતો. વોર્ડ નં. ૧૧ કોંગ્રેસ પ્રમુખ કેતનભાઈ તાળાએ રોષ ઠાલવતા જણાવ્યું કે, "મવડી મેઈન રોડ પર થોડો વરસાદ આવતા જ સ્ટ્રીટ લાઈટો બંધ થઈ જાય છે. આ કાયમી સમસ્યા અંગે અનેક ફરિયાદો છતાં લાઈટિંગ વિભાગના બહેરા કાને વાત પહોંચતી નથી અને કોઈ જ નિરાકરણ આવ્યું નથી." વરસાદમાં ભીના રસ્તા અને મનપાની મહેરબાનીથી પડેલા ખાડા અંધારામાં દેખાતા ન હોવાથી ગંભીર અકસ્માતનો ભય તોળાઈ રહ્યો છે. કોંગ્રેસ આગેવાન તાળાએ ચીમકી આપી છે કે, જો તાત્કાલિક ફોલ્ટ શોધીને લાઈટો ચાલુ નહીં કરાય, તો સ્થાનિક નાગરિકો સાથે મળીને મનપા કચેરી ખાતે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# પારડીમાં મહિલાની હત્યા નિપજાવી નાસી છૂટેલા સગીર સહીત બે હરિદ્વારથી ઝડપાયા

## શાપર પોલીસે બાતમી આધારે વેશ પલટો કરી ઝડપી લીધા : સઘન પૂછપરછ

**સટી ન્યૂઝ@શાપર**

શાપર પોલીસે પારડી ગામે થયેલા ચકચારી મર્ડર કેસનો ભેદ ઉકેલીને મુખ્ય આરોપી સહિત બેને હજાર કિલોમીટર દૂર ઉત્તરાખંડના હરિદ્વારથી ઝડપી પાડ્યા છે પોલીસે બાતમી આધારે હજારો કિલોમીટર દૂર જઈ વેશ પલટો કરી બંનેને ઝડપી લીધા હતા.



ગત ૧૨ જૂન ૨૦૨૬ના રોજ શાપર પોલીસ સ્ટેશન વિસ્તારના પારડી ગામે ઓટો રિક્ષામાં આવેલા આરોપીઓએ જુબેદાબેન અયુબભાઇ ગુદડી પર છરીથી આડેધડ ઘા ઝીંકી જીવલેણ હુમલો કર્યો હતો આ જીવલેણ હુમલામાં ઘવાયેલા મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજતાં પોલીસે આ ગુનામાં ભારતીય ન્યાય સંહિતાની કલમ૧૦૩(૧) મુજબ હત્યાની કલમનો ઉમેરો કર્યો હતો.

ઘટના બાદ આરોપીઓ પોતાની ધરપકડ ટાળવા માટે સતત સ્થળ બદલીને નાસતા ફરતા હતા દરમિયાન શાપર પોલીસના સર્વેલન્સ સ્ટાફને બાતમી મળી હતી કે, આ ગુનાના આરોપીઓ હાલ ઉત્તરાખંડના હરિદ્વાર ખાતે પોતાની ઓળખ છુપાવીને વસવાટ કરી રહ્યા છે. આથી પી.આઈ. આર.બી. રાણાના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમ હરિદ્વાર રવાના થઈ હતી હરિદ્વાર પહોંચીને પોલીસે સ્થાનિક ભીડમાં ઓળખાઈ ન જવાય તે માટે વેશપલટો કર્યો હતો અને ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સની મદદથી હરિદ્વાર રેલ્વે સ્ટેશન ખાતેથી મુખ્ય આરોપી પ્રવીણભાઇ ઉર્ફે લાખાળો ગલાભાઇ વાઘેલા તથા એક કિશોરને દબોચી લીધા હતા પકડાયેલા બંને આરોપીઓ મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના સદાદ ગામના વતની છે અને હાલ મોરબીના કાંતીનગરમાં રહેતા હતા ફરાર દરમ્યાન કોણે-કોણે આશરો આપ્યો તે સહીતની પુછતાછ પોલીસે હાથ ધરી છે.

આ કામગીરીમાં એએસઆઈ દિવ્યરાજસિંહ, ક્રીપાલસિંહ રાણા, હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રભાઇ, જગશીભાઈ, કોન્સ્ટેબલ અલ્પેશભાઇ, લગધીરસીંહ, રાજદીપસીંહ, મનસુખભાઇ તેમજ ગોંડલ નાયબ પોલીસ અધીક્ષક કચેરીના એએસઆઇ છત્રપાલસીંહ જાડેજા સહિતના જોડાયા હતા.

# કેનેડાની શેરબજારમાં 1 કરોડનું રોકાણ કરાવી વળતર નહિ આપતા યુવકનો આપઘાત

**સટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં કોઠારીયા રોડ નજીક સરદાર ચોક પાસે વિરાણી રેસીડેન્સીમાં યુવકે ભાડુઆત માતા-પુત્રના ત્રાસથી કંટાળી આપઘાત કર્યાની તેના પરીવારે ફરીયાદ કરી હતી. શેરબઝારના નામે વધુ વળતર આપવાની લાલચ આપી એક કરોડ લઈ પરત નહી આપી છેતરપીંડી આચરી હોવાથી આર્થીકભીંસમાં આવેલા યુવકે પગલુ ભરી લીધાનુ બહાર આવતા આજીડેમ પોલીસે ગુનો નોધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

રાજકોટના સરદાર ચોક રોલેક્ષ મેઈન રોડ પર આવેલી વિરાણી રેસીડેન્સીમાં રહેતા હિતેશભાઈ વલ્લભભાઈ બારસીયા (ઉ.30) નામના યુવકે ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો. આ મામલે મૃતકના મોટા ભાઈ ધર્મેશભાઈ બારસીયાએ તેમના જ મકાનમાં ભાડે રહેતા યશ ધીરુભાઈ લુણાગરીયા અને તેની માતા જોસનાબેન લુણાગરીયા વિરુદ્ધ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ભાડૂઆત યશ અને તેની માતાએ હિતેશને શેરબજારમાં તેમજ ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરીને ટૂંક સમયમાં ઊંચું વળતર મેળવી આપવાની લાલચ આપી હતી. જેથી હિતેશે કટકે-કટકે કુલ એક કરોડ રૂપિયા આરોપીઓને ઓનલાઈન અને રોકડેથી આપી દીધી હતી આ રકમ મેળવવા માટે હિતેશે પોતાનું ૧૬૩ ગ્રામ સોનું ગીરવે મૂક્યું હતું, અને કાર પર લોન લીધી હતી તેમજ મિત્રો અને સાસરી પક્ષમાંથી પણ પૈસા ઉછીના લીધા હતા. પૈસા પાછા ન આપી માનસિક ત્રાસ આપ્યો જયારે હિતેશે પોતાના મૂળ રૂપિયા અથવા વળતરની માંગણી શરૂ કરી, ત્યારે આરોપી માતા-પુત્રએ અવારનવાર વાયદાઓ કરી પૈસા પાછા આપ્યા નહોતા. ઉલટાનું, હિતેશની જિંદગી જીવવાનું મુશ્કેલ કરી દઈ તેને સતત માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. બનાવને પગલે આજીડેમ પોલીસે માતા-પુત્ર સામે યુવકને મરવા મજબુર કર્યા સહીતનો ગુનો નોધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

**નહેરૂનગરમાં રહેતી મહિલા સાથે આચરી છેતરપીંડી**

# લગ્નના બહાને ભાણેજ અને નણંદએ 20 લાખના દાગીના પડાવી લીધાની ફરિયાદ

**સટી ન્યૂઝ@રાજકોટ**

ગોંડલ રોડ નજીક અટીકા પાસેના નહેરૂનગરમાં રહેતા મહિલાને સગ્ગા ભાણેજ અને નણંદ સહીતે રૂ.૨૦ લાખના દાગીના અને રોકડ લઈ ગયા બાદ દાગીના પરત નહી આપી છેતરપીડી આચર્યાની ફરીયાદ કરી હતી.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ નેરૂનગરમાં રહેતા મનીષાબેન રામભાઈ રાઠોડએ તેના સગા ભાણેજ પ્રિયંક અમિતભાઈ ડાંગર, નણંદ નીતાબેન અને નણંદોયા અમિત ચંદુભાઈ ડાંગર સામે ફરીયાદ કરી હતી ફરીયાદમાં જણાવ્યુ હતુ કે. દોઢ વર્ષ પહેલાં પરિવારમાં લગ્નપ્રસંગ હોવાથી મનીષાબેનને રૂપિયાની જરૂર પડી હતી. આ તકનો લાભ લઈને ભાણેજ પ્રિયંકે રૂપિયાની વ્યવસ્થા કરી આપવાના બહાને મામી પાસેથી સોનાની ખૂંટી, સોનાની માળા, નાનું મંગળસૂત્ર અને સોનાના પાટલા સહિત કુલ ૧૮ તોલાના દાગીના ટુકડે-ટુકડે લીધા હતા. પ્રિયંકે આ દાગીના બેંકમાં મૂકી તેના પર લોન મેળવી મનીષાબેનને રોકડા રૂપિયા આપ્યા હતા. પરંતુ બાદમાં, બેંકનું વ્યાજ વધી જશે અને જૂના દાગીના મુક્ત કરાવવા પડશે તેમ કહીને તેણે વધુ કિંમતી દાગીનાની માંગણી ચાલુ રાખી હતી. મનીષાબેને વિશ્વાસ રાખીને પોતાના દાગીના આપ્યા, પરંતુ જ્યારે તેમણે પરત માંગ્યા ત્યારે પ્રિયંકે ફોન ઉપાડવાના બંધ કરી દીધા હતા.

જ્યારે મનીષાબેનએ પોતાની નણંદ નીતાબેન અને નણંદોયા અમિતભાઈનો સંપર્ક કર્યો, ત્યારે તેમણે જણાવ્યું કે પ્રિયંકે આ દાગીના વેચી દીધા છે. એટલું જ નહીં, તેમણે મનીષાબેનને કહ્યું કે જો તેઓ પોતાનો ૧૪ તોલાનો સોનાનુ મંગળસૂત્ર અને બીજું ૬ તોલાનું મંગળસૂત્ર આપશે, તો તેઓ બેંકમાંથી લોન લઈને જૂના નાના દાગીના છોડાવી આપશે. આ રીતે નણંદ-નણંદોયાએ વધુ ૨૦ તોલા સોનું પડાવી લીધું અને માત્ર ૭ તોલાના નવા દાગીના બનાવી આપી બાકીનું ૧૩ તોલા સોનું લઈ જઈ પરત નહી આપી ઠગાઈ આચર્યાની ફરીયાદના આધારે પોલીસે ગુનો નોધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

# સરગમ ક્લબનો દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ

## 68 દર્દીઓએ વિનામૂલ્યે કૃત્રિમ પગ, કેલિપર્સ અને રિપેરિંગ સેવાનો લાભ લીધો; આગામી કેમ્પ 1 ઓગસ્ટથી યોજાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં સરગમ ક્લબ, જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી અને કમાણી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે તા. ૧થી ૩ જુલાઈ દરમિયાન દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવા કેમ્પમાં શહેર તેમજ આસપાસના વિસ્તારોમાંથી આવેલા કુલ ૬૮ દર્દીઓએ વિનામૂલ્યે સારવાર અને સહાયનો લાભ લીધો હતો, જે સમાજસેવાના ઉત્તમ ઉદાહરણરૂપ બન્યો છે.

કેમ્પ દરમિયાન ૨૭ દર્દીઓને કૃત્રિમ પગ (જયપુર ફૂટ) બેસાડવામાં આવ્યા હતા, ૨૭ દર્દીઓને કેલિપર્સ આપવામાં આવ્યા હતા તેમજ ૧૪ દર્દીઓને





રિપેરિંગ સેવા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી હતી. સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને જયશ્રીબેન તનસુખભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, જરૂરિયાતમંદ દિવ્યાંગોને સહાયરૂપ થવા માટે આ પ્રકારના સેવા યજ્ઞો સતત ચાલુ રાખવામાં આવશે અને દર વર્ષે આ કેમ્પનું આયોજન કરવામાં આવશે.

આ કેમ્પમાં જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી (દુબઈ), તેજસભાઈ સંઘવી તથા તેમના પરિવારજનોનો વિશેષ સહયોગ રહ્યો હતો, જેના કારણે કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ થઈ શક્યો હતો. કેમ્પની મુલાકાતે સી.પી. દલાલ, રમેશભાઈ શેઠ, ગિરીશભાઈ ગોરા, જીતુભાઈ શેઠ અને જયેશભાઈ શાહ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહીને આયોજકોને પ્રોત્સાહન આપ્યું હતું.

કેમ્પના આયોજન અને વ્યવસ્થાપનમાં દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર, જે.કે. સરાઠે, અરવિંદભાઈ પટેલ તેમજ સરગમ ક્લબના હોદ્દેદારો અને સભ્યોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આગામી જયપુર ફૂટ કેમ્પ તા. ૧ ઓગસ્ટથી ત્રણ દિવસ માટે યોજાશે, જેમાં વધુ દર્દીઓને લાભ મળે તે માટે આયોજન કરવામાં આવી રહ્યું છે.





# રાજ્યસભાના સાંસદ જીતેન્દ્રભાઈ કણજરીયાનું ભવ્ય સ્વાગત-સન્માન

## જામખંભાળિયામાં બાઈક રેલી, રક્તદાન કેમ્પ અને પુસ્તક અર્પણ અભિયાનનું આયોજન; મોટી સંખ્યામાં સમાજજનો જોડાયા

**સિટી ન્યૂઝ@જામખંભાળિયા**

જામખંભાળિયામાં સમસ્ત સતવારા સમાજ અને દેવભૂમિ દ્વારકા જિલ્લા તરફથી રાજ્યસભાના નવનિયુક્ત સાંસદ જીતેન્દ્રભાઈ મેઘજીભાઈ કણજરીયાના સન્માનમાં ભવ્ય સ્વાગત સમારોહ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત સિદ્ધનાથ મહાદેવ મંદિરથી નીકળેલી બાઈક રેલીથી થઈ હતી, જેમાં સમાજના આગેવાનો, યુવાનો, મહિલાઓ અને મોટી સંખ્યામાં સમાજજનોએ ભાગ લીધો હતો.

સતવારા સમાજ વાડી ખાતે યોજાયેલા સમારોહમાં જીતેન્દ્રભાઈ કણજરીયાનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રસંગે રક્ત તુલા, વિશાળ રક્તદાન કેમ્પ અને પુસ્તક અર્પણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. એકત્રિત થયેલા પુસ્તકો જરૂરિયાતમંદ બાળકોને અર્પણ કરવાનો સંકલ્પ પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સમારોહમાં ગુજરાત સહિત દેશભરના સતવારા સમાજના વિવિધ સંગઠનોના હોદ્દેદારો, ધારાસભ્યો, સાંસદો, સામાજિક આગેવાનો અને આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વક્તાઓએ સમાજમાં શિક્ષણ, સંગઠન, સેવા અને એકતાને વધુ મજબૂત બનાવવા સૌને સાથે મળીને કાર્ય કરવાની અપીલ કરી હતી.

કાર્યક્રમના સફળ આયોજન બદલ આયોજક સમિતિએ સમાજજનો, રક્તદાતાઓ, સ્વયંસેવકો, પત્રકારો તેમજ પોલીસ અને વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

# શ્રી દેવતણખી ધામમાં 115મો અષાઢી બીજ મહોત્સવ 16 જુલાઈએ

## ભજન-સંતવાણી, તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, મહાપૂજા અને રથયાત્રા સહિતના કાર્યક્રમો યોજાશે

**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

જૂનાગઢ નજીક આવેલા મજેવડી ગામ સ્થિત શ્રી દેવતણખી ધામ ખાતે સમસ્ત લુહાર સમાજના આસ્થાના કેન્દ્ર એવા સંત શિરોમણી શ્રી દેવતણખી દાદા અને શ્રી લિરલબાઈ માતાજીના જન્મસ્થાન તથા ચેતન સમાધિ સ્થળે આગામી ૧૬ જુલાઈએ ૧૧૫મા અષાઢી બીજ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. શ્રી દેવતણખી ધામ ટ્રસ્ટે મહોત્સવની તૈયારીઓને અંતિમ ઓપ આપ્યો છે.

કાર્યક્રમ મુજબ ૧૫ જુલાઈએ સવારે આરતી, રાંદલ માતાજીના ૫૨ લોટા ઉત્સવ, પ્રસાદ વિતરણ તેમજ લુહાર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ યોજાશે. રાત્રે ભજન-સંતવાણીનો કાર્યક્રમ યોજાશે, જેમાં જાણીતા કલાકારો ભાગ લેશે.


૧૬ જુલાઈએ સવારે મહાપૂજા, આરતી, ધર્મસભા અને સન્માન સમારોહ યોજાશે. બપોરે મહાપ્રસાદ બાદ ભવ્ય રથયાત્રા, માતાજીના મામેરા, ધ્વજારોહણ તથા રામદેવજી મહારાજના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રસંગે



સંત-મહંતોની ઉપસ્થિતિમાં ધાર્મિક પ્રદર્શન પણ યોજાશે.

દર વર્ષે મહોત્સવમાં હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડતા હોય છે. શ્રી દેવતણખી ધામ ટ્રસ્ટે આ પાવન પ્રસંગે તમામ ભાવિકોને ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.






# ભગવાન દ્વારકાધીશના ચરણે પહોંચી 21 ગૌમાતાની વેદના યાત્રા

## લાઠીદડથી નીકળેલી યાત્રા 21મા દિવસે જગતમંદિરે પહોંચી; ગૌસેવા અને ગૌરક્ષણનો પ્રબળ સંદેશ

**સિટી ન્યૂઝ@દ્વારકા**

લાઠીદડથી પ્રારંભ થયેલી '૨૧ ગૌમાતા વેદના યાત્રા' ૨૧ દિવસની લાંબી યાત્રા પૂર્ણ કરીને ભગવાન દ્વારકાધીશના પવિત્ર ધામે પહોંચી હતી. રાત્રિના સમયે રોશનીથી ઝળહળતા જગતમંદિરના પટાંગણમાં પહોંચેલી ગૌમાતાઓનું ગૌભક્તો અને સ્વયંસેવકોએ ભાવભીનાં સ્વાગત સાથે આવકાર કર્યો હતો અને તેમને શ્રદ્ધાપૂર્વક મંદિર તરફ દોરી જવામાં આવી હતી.

આ યાત્રાનો મુખ્ય હેતુ ગૌમાતાઓ પર થતા અત્યાચાર, તેમની અવગણના અને રસ્તાઓ પર ભટકતી ગૌમાતાઓની વેદનાને સમાજ સમક્ષ સ્પષ્ટ રીતે રજૂ કરવાનો હતો. આયોજકોના જણાવ્યા મુજબ આ યાત્રા માત્ર ધાર્મિક કાર્યક્રમ પૂરતી મર્યાદિત નથી, પરંતુ ગૌસેવા, ગૌરક્ષણ અને માનવતાના મૂલ્યોને ઉજાગર કરવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. યાત્રા દરમિયાન વિવિધ સ્થળોએ ગૌમાતાની સેવા અને સંરક્ષણ માટે સમાજમાં જાગૃતિ લાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ખાસ કરીને યુવા પેઢીને ગૌસેવા પ્રત્યે સંકલ્પબદ્ધ બનવા અને ગૌરક્ષણ માટે આગળ આવવા અપીલ કરવામાં આવી હતી.

દ્વારકાધીશના ચરણોમાં પહોંચેલી આ યાત્રા સાથે ગૌમાતાની વેદના અને ગૌરક્ષણનો સંદેશ વધુ વ્યાપક રીતે પ્રસરી રહ્યો છે અને સમાજમાં ગૌસેવા પ્રત્યે નવી ચેતના જગાડવાનો પ્રયાસ સફળ બન્યો હોવાનું માનવામાં આવે છે.

# ગુજરાતી મોચી સમાજ સેવા ટ્રસ્ટની લેપટોપ બેંક યોજનામાં વિદ્યાર્થીનીને લેપટોપ એનાયત

## આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસમાં સહાય; શૈક્ષણિક ઇનામી યોજના માટે 30 સપ્ટેમ્બર સુધી અરજીઓ મંગાવાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતી મોચી સમાજ સેવા ટ્રસ્ટ (ગ્રેમ્સ)ની લેપટોપ બેંક યોજના હેઠળ રાજકોટની કમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કશિશ જેઠવાને અભ્યાસમાં સહાયરૂપ થવા માટે લેપટોપ એનાયત કરવામાં આવ્યો હતો. આ લેપટોપ શ્રીમતી જ્યોતિબેન રવિન્દ્ર પરમાર (એટલાન્ટા, અમેરિકા)ના સહયોગથી ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો, જે સમાજસેવાના ઉત્તમ ઉદાહરણરૂપ છે.

આ પ્રસંગે મોચી સમાજ સેવા ટ્રસ્ટ રાજકોટના પ્રમુખ બીપીનભાઈ જેઠવા, સુરેશભાઈ ચૌહાણ, કિશોરભાઈ પરમાર, સુરેશભાઈ જેઠવા, વિજયભાઈ વાળા, પીયુષભાઈ ઝાલા તેમજ ગ્રેમ્સના પ્રમુખ રમણભાઈ પરમાર, મહામંત્રી ચંપકભાઈ સોલંકી સહિતના અગ્રણીઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનો દ્વારા વિદ્યાર્થીનીને શુભેચ્છાઓ પાઠવી તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

ગ્રેમ્સ દ્વારા સમગ્ર ગુજરાતમાં આર્થિક રીતે નબળા પરંતુ ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લેપટોપ બેંક યોજના હેઠળ લેપટોપ આપવામાં આવે છે, જે અભ્યાસ પૂર્ણ થયા બાદ પરત લેવામાં આવે છે. આ યોજનાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને



ટેક્નોલોજી સાથે જોડીને તેમના અભ્યાસને વધુ સરળ અને અસરકારક બનાવવાનો છે. હાલમાં યોજનાની ૧૩ લેપટોપ બેંકો કાર્યરત છે અને કુલ ૨૧ વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ રહ્યા છે, જે સંસ્થાની સક્રિય કામગીરી દર્શાવે છે.

સંસ્થાએ વર્ષ ૨૦૨૫-૨૬ માટેની શૈક્ષણિક ઇનામી યોજનાની પણ જાહેરાત કરી છે. ધોરણ ૧૦, ૧૨ તેમજ વિવિધ સ્નાતક, વ્યાવસાયિક અને ઉચ્ચ અભ્યાસક્રમોમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી જરૂરી દસ્તાવેજો સાથે અરજી કરી શકશે. આ યોજનામાં પ્રથમ ઇનામ રૂ.૧,૨૫૦, બીજું રૂ.૭૫૦ અને ત્રીજું રૂ.૫૦૦ આપવામાં આવશે, જે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડશે.

ગ્રેમ્સે વધુમાં જણાવ્યું હતું કે મોચી સમાજને અનુસૂચિત જાતિના હકો અંગે ચાલી રહેલી કાનૂની લડત પણ સંસ્થા દ્વારા સુપ્રીમ કોર્ટમાં ચાલુ છે અને સમાજના હિત માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

## ગુમ થયેલ છે



**જાગૃતીબેન પરેશભાઈ પરમાર**

તારીખઃ ૩-૭-૨૦૨૬ શુક્રવાર ના રોજ ઘેર કોઠારીયા(ટં) થી રાજકોટ જવા નીકળેલ ત્યારથી ગુમ થયેલ છે. જો કોઈ ને ભાળ મળે અથવા ધ્યાન મા આવે તો નીચેના નંબર મા કોન્ટેક કરવા વિનંતી

પરેશભાઈ પરમાર-૯૭૨૫૩૧૬૮૨૦
મનીષભાઈ ડોડીયા-૯૮૯૮૭૪૯૯૩૮
કલ્પેશભાઈ નકુમ-૯૭૨૫૩૧૭૦૩૬
ધર્મેશભાઈ સિણોલ-૯૯૯૮૩૬૯૬૧૯
સરનામું : મુ. કોઠારીયા (ટં) તા.જી. રાજકોટ

### ગુજરાતના મીડિયા ઈતિહાસમાં પ્રથમવાર

# ગુજરાત ફર્સ્ટ લાવ્યું છે મેગા ક્વિઝ શો 'કોણ બનશે ગુજરાતનો જીનિયસ?'

## ગુજરાતના તેજસ્વી યુવાનો માટે જ્ઞાન અને પ્રતિભા સાબિત કરવાની સુવર્ણ તક : દરેક રાઉન્ડમાં સ્માર્ટ વોચ, સ્માર્ટ ફોન, લેપટોપ અને દેશ-વિદેશના ટૂર પેકેજ જીતવાની તક

સિટી ન્યૂઝ@અમદાવાદ/રાજકોટ

ગુજરાતની અગ્રણી અને સૌથી ઝડપી ન્યૂઝ ચેનલ 'ગુજરાત ફર્સ્ટ' રાજ્યના તેજસ્વી યુવાનો માટે એક ઐતિહાસિક પ્લેટફોર્મ લઈને આવી છે. ગુજરાતના મીડિયા ઈતિહાસમાં અગાઉ ક્યારેય ન યોજાયો હોય તેવો સૌથી મોટો અને ભવ્ય સ્ટુડિયો ક્વિઝ શો "કોણ બનશે ગુજરાતનો જીનિયસ?" લોન્ચ થવા જઈ રહ્યો છે. આ કાર્યક્રમ માત્ર એક ટીવી શો નથી, પરંતુ ગુજરાતના તેજસ્વી મગજોને સમગ્ર રાજ્ય સમક્ષ પોતાની બુદ્ધિ, તર્કશક્તિ અને હાજરજવાબીપણું સાબિત કરવાનું એક જ્ઞાનવર્ધક મહાઅભિયાન છે.

ગુજરાતના ખૂણે ખૂણે છુપાયેલી પ્રતિભાને બહાર લાવવાના આ અનોખા પ્રયાસમાં સ્પર્ધકોને રાજકારણ, સરકારી યોજનાઓ, સામાન્ય જ્ઞાન (GK), કરંટ અફેર્સ, ઈતિહાસ, વિજ્ઞાન, રમતગમત અને સંસ્કૃતિ સહિતના રસપ્રદ વિષયો પર સવાલો પૂછવામાં આવશે. રાષ્ટ્રીય સ્તરની પ્રોડક્શન ક્વોલિટી સાથે તૈયાર થઈ રહેલા આ શોમાં પદ્મશ્રી એવોર્ડ વિજેતાઓ, સેલિબ્રિટીઝ, ન્યાયાધીશો, અને દિગ્ગજ IAS-IPS અધિકારીઓ પણ વિશેષ ઉપસ્થિત રહી સ્પર્ધકોનો ઉત્સાહ વધારશે. આ ભવ્ય ક્વિઝ કોન્ટેસ્ટમાં ભાગ લેનાર દરેક યોગ્ય સ્પર્ધક માટે આકર્ષક ઈનામોની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સ્પર્ધાના દરેક રાઉન્ડમાં વિજેતાઓને સ્માર્ટ વોચ, સ્માર્ટ ફોન, લેપટોપથી લઈને દેશ-વિદેશના લક્ઝુરિયસ ટૂર પેકેજ જેવા શાનદાર ઈનામો આપવામાં આવશે. દર અઠવાડિયે નવા સ્પર્ધકોને તક અપાશે અને આ શો ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ ચેનલ તેમજ તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પ્રસારિત થશે.

### 'જીનિયસ' બનવા સુધીનો રોમાંચક રૂટ મેપ

આ સ્પર્ધાને અત્યંત પારદર્શક અને રોમાંચક બનાવવા માટે તેને વિવિધ તબક્કામાં વહેંચવામાં આવી છે:

- ૧. પ્રથમ તબક્કો (ડિજિટલ ક્વિઝ): સ્પર્ધકે નિયત સમયમર્યાદામાં ૩૦ પ્રશ્નોના ઓનલાઈન જવાબ આપવાના રહેશે. મહત્તમ સાચા જવાબ આપનાર સ્પર્ધક આગળના રાઉન્ડ માટે ક્વોલિફાય થશે.
- ૨. સ્ટુડિયો બઝર બૂલેટ રાઉન્ડ: પસંદ થયેલા સ્પર્ધકોને ગુજરાત ફર્સ્ટના આધુનિક સ્ટુડિયોમાં આમંત્રિત કરાશે, જ્યાં તેમની વચ્ચે ઝડપી બઝર રાઉન્ડ રમાશે.
- ૩. કઠિન પ્રશ્નોત્તરી: બઝર રાઉન્ડના વિજેતાઓ વચ્ચે વધુ કઠિન અને રોમાંચક પ્રશ્નોત્તરી યોજાશે.
- ૪. મહાસંગ્રામ (હોટ સીટ): અંતિમ તબક્કામાં પહોંચનાર સ્પર્ધક 'હોટ સીટ' પર બેસશે. અહીં વન-ટુ-વન પ્રશ્નોત્તરીના અંતે શ્રેષ્ઠ પરફોર્મન્સ આપનારને 'ગુજરાતનો જીનિયસ' જાહેર કરવામાં આવશે.

### કેવી રીતે ભાગ લેશો? (સંપૂર્ણ ફ્રી)

આ ઐતિહાસિક સ્પર્ધામાં ભાગ લેવા માટે કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવી નથી. સ્પર્ધકોએ માત્ર પોતાના મોબાઈલમાંથી ગુજરાત ફર્સ્ટના WhatsApp નંબર ૯૯૨૫૧ ૨૫૧૩૩ પર "HI" લખીને મેસેજ કરવાનો રહેશે, જેથી તેમને કોન્ટેસ્ટની લિંક મળી જશે. આ ઉપરાંત, ગુજરાત ફર્સ્ટ ટીવી ચેનલ પર દર્શાવવામાં આવતા QR કોડને સ્કેન કરીને પણ સીધું રજીસ્ટ્રેશન કરી શકાશે. તો રાહ શેની? આજે જ ફ્રી રજીસ્ટ્રેશન કરો, ગુજરાત સમક્ષ તમારી બુદ્ધિનો કમાલ બતાવો અને 'ગુજરાતના જીનિયસ' બનવાની સફર શરૂ કરો!

# ખેડૂતોના વીજ પોલ મુદ્દે કૃષિમંત્રીના રાજીનામાની ખેડૂત એસો.ની માંગ

## વીજ પોલ અંગે સરકારની નવી નીતિને લોલીપોપ ગણાવી; માસિક ૭૦ હજાર ભાડા સહિત ચારગણા વળતરની માગ

સટી ન્યૂઝ@ગાંધીનગર




ગુજરાત ખેડૂત એસોસિએશન (ક્રાંતિ સંગઠન)એ ખેડૂતોની જમીનમાં વીજ પોલ અને ટ્રાન્સમિશન લાઈન અંગે રાજ્ય સરકારની નવી વળતર નીતિને અપૂરતી અને ખેડૂતોના હિત વિરુદ્ધ ગણાવી કૃષિમંત્રી જીતુ વાઘાણીના રાજીનામાની માંગ કરી છે.

સંગઠનના આગેવાનો ભરતસિંહ ઝાલા, ગજેન્દ્રસિંહ ઝાલા, ભરતસિંહ વાળા સહિતના ખેડૂત આગેવાનોએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે, સરકારની તાજેતરની જાહેરાત ખેડૂતોના આંદોલનને શાંત કરવા માટે માત્ર લોલીપોપ સમાન છે. સરકાર અને ખાનગી કંપનીઓની મિલીભગતથી ખેડૂતોની કિંમતી જમીન પર કબજો કરવાની નીતિ અપનાવવામાં આવી રહી હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

એસોસિએશને જણાવ્યું હતું કે ટ્રાન્સમિશન લાઈન માટે માત્ર થાંભલાની જમીન નહીં, પરંતુ સુરક્ષિત કોરિડોર તરીકે આવતી સમગ્ર અસરગ્રસ્ત જમીનનું ચાર ગણું વળતર ચૂકવવું જોઈએ. ઉપરાંત અસરગ્રસ્ત ખેડૂતોને વીજ પોલ દીઠ માસિક રૂ.૭૦ હજાર ભાડું, પ્રતિ ચોરસ મીટર રૂ.૧,૪૦૦ ભાડું તથા પાક, બાગાયતી અને અન્ય કૃષિ નુકસાનનું સંપૂર્ણ રોકડ વળતર આપવાની માંગ કરવામાં આવી છે.

સંગઠનનું કહેવું છે કે નવા પરિપત્રમાં માત્ર વળતરની ચુકવણીની પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જ્યારે ખેડૂતોના મૂળ પ્રશ્નો યથાવત છે. કેન્દ્ર સરકાર સમગ્ર દેશમાં ખેડૂતો માટે સમાન અને કડક કાયદો બનાવી યોગ્ય વળતર અને ન્યાય સુનિશ્ચિત કરે તેવી પણ માંગ કરવામાં આવી છે.

### લોકમેળા માટે નામકરણ સ્પર્ધા

# રાજકોટના લોકમેળાને આકર્ષક નામ આપવા નગરજનોને આમંત્રણ

સટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ લોકમેળા અમલીકરણ સમિતિએ આગામી ૨થી ૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન રેસકોર્સ મેદાન ખાતે યોજાનારા પરંપરાગત લોકમેળા માટે આકર્ષક શીર્ષક સૂચવવા નગરજનોને આમંત્રણ આપ્યું છે. રસ ધરાવતા નાગરિકો ૨૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધી ગૂગલ ફોર્મ લિંક - https://forms.gle/baqQAMDrrHhsN૨p૬A મારફતે પોતાનું સૂચિત શીર્ષક મોકલી શકશે. ગૂગલ ફોર્મની લિંક તેમજ ક્યૂઆર કોડ પ્રાદેશિક માહિતી કચેરી-રાજકોટના અધિકૃત ફેસબુક પેજ Info Rajkot GoG, ઈન્સ્ટાગ્રામ inforajkotgog અને એક્સ એકાઉન્ટ Info Rajkot GoG પરથી ઉપલબ્ધ રહેશે. સમિતિએ જણાવ્યું છે કે શીર્ષક ટૂંકું, આકર્ષક, શિષ્ટ અને સૌરાષ્ટ્રની સંસ્કૃતિ, રહેણી-કરણી તથા લોકજીવનને પ્રતિબિંબિત કરતું હોવું જોઈએ. દરેક સ્પર્ધક માત્ર એક જ શીર્ષક મોકલી શકશે અને ગૂગલ ફોર્મમાં પોતાનું નામ, સરનામું તથા મોબાઈલ નંબર ફરજિયાત નોંધાવવાનો રહેશે.



# ઓપરેશન અમાનતથી મુસાફરને 1.12 લાખનો કીંમતી સામાન પરત

## દુરંતો એક્સપ્રેસમાં ભૂલાયેલી લેપટોપ બેગ RPFએ શોધી માલિકને સુરક્ષિત સોંપી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનની રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ) એ ઓપરેશન અમાનત અંતર્ગત એક મુસાફરનો અંદાજે ૧.૧૨ લાખની કિંમતનો કીમતી સામાન સુરક્ષિત રીતે પરત કરીને પ્રમાણિકતા, તકેદારી અને સેવાભાવનાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ૦૩ જુલાઈ ૨૦૨૬ના રોજ આરપીએફ રાજકોટનો સ્ટાફ ટ્રેન સંખ્યા ૧૨૨૬૭ મુંબઈ સેન્ટ્રલહાપા દુરંતો એક્સપ્રેસમાં સુરેન્દ્રનગરથી રાજકોટ વચ્ચે એસ્કોર્ટ ડ્યુટી પર તૈનાત હતો. પેટ્રોલિંગ દરમિયાન કોચ સંખ્યા B-૬ ની સીટ સંખ્યા ૫૪ પર એક કાળા રંગની લાવારિસ બેગ મળી આવી હતી. મુસાફરોની પૂછપરછ કરતા માહિતી મળી કે ઉક્ત સીટ પર મુસાફરી કરી રહેલા મુસાફર અમદાવાદ સ્ટેશન પર ઉતરી ગયા હતા અને સંભવત આ બેગ તેમની જ છે.

ત્યારબાદ આરપીએફ ટીમે સંબંધિત ટીટીઈ નો સંપર્ક કરીને મુસાફરનો મોબાઈલ નંબર મેળવ્યો અને મુસાફર સાથે વાતચીત કરી. મુસાફર સુમિત શાહે જણાવ્યું કે ઉતાવળમાં તેમની બેગ ટ્રેનમાં જ છૂટી ગઈ હતી. બેગની તપાસ કરતા તેમાંથી એક લેનોવો લેપટોપ, ૨,૨૭૦ રોકડા અને મોબાઈલ ચાર્જર મળી આવ્યું હતું. આરપીએફ ટીમે તત્પરતા અને સજાગતા દાખવીને મુસાફર સાથે સંપર્ક સ્થાપિત કર્યો અને સામાનને સુરક્ષિત રીતે પોતાના કબજામાં રાખ્યો. બાદમાં મુસાફર રાજકોટ સ્થિત આરપીએફ રિઝર્વ કંપની ઓફિસે પહોંચતા ઓપરેશન અમાનત અંતર્ગત અંદાજે ૧,૧૨,૨૭૦ની કિંમતનો કીમતી સામાન વિધિવત અને સુરક્ષિત રીતે તેમને સોંપવામાં આવ્યો હતો. આરપીએફ દ્વારા કરવામાં આવેલી ઉત્કૃષ્ટ કામગીરી બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો.

રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીના અને ડિવિઝનલ સિક્યોરિટી કમિશનર કમલેશ્વર સિંહે આ પ્રશંસનીય કામગીરી માટે સંબંધિત રેલવે કર્મચારીઓની તત્પરતા, પ્રમાણિકતા અને ફરજનિષ્ઠાના વખાણ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આ ઘટના આરપીએફની ઉત્કૃષ્ટ કાર્યશૈલી અને મુસાફરોની સુરક્ષા પ્રત્યેની તેની અતૂટ પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

### 83 દર્દીઓને રાજકોટ ખાતે વિનામૂલ્યે મોતિયાના ઓપરેશન માટે મોકલાયા; 58 કેમ્પમાં 16,159 લોકોની આંખોની તપાસ

# મોરબીમાં નિશુલ્ક નેત્રયજ્ઞ કેમ્પમાં 215 દર્દીઓને લાભ

**સિટી ન્યૂઝ@રાજકોટ**



સમગ્ર ગુજરાત ની નંબર ૧ આંખ ની હોસ્પીટલ શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પીટલ-રાજકોટ, શ્રી જલારામ ધામ-મોરબી તથા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ-મોરબી દ્વારા સર્વજ્ઞાતિય વિનામુલ્યે નેત્રમણી-નેત્રયજ્ઞ કેમ્પ દર મહીના ની ૪ તારીખે શહેરના શ્રી જલારામ ધામ, અયોધ્યાપુરી રોડ, મોરબી ખાતે યોજાઈ રહ્યો છે. જે અંતર્ગત તા.૪-૭-૨૦૨૬ શનીવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન વિનામુલ્યે કેમ્પ યોજાયો હતો. જેમા ૨૧૫ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો તે ઉપરાંત ૮૩ લોકોના નિઃશુલ્ક નેત્રમણી ઓપરેશન કરવા માટે રાજકોટ રવાના કરવામાં આવ્યા હતા.

શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પીટલના ડો.બળવંતભાઈ, ડો. અલ્કેશભાઈ ખેરડીયા, ડો.કાનજીભાઈ, ડો.સુદામા, હેમુભાઈ પરમાર, આદમભાઈ, નિલેશભાઈ રાઠોડ દ્વારા આંખના દર્દીઓની તપાસ કરવા મા આવી હતી તેમજ અત્યાધુનિક ફેકો મશીન દ્વારા ટાંકા વગર નુ સારા મા સારા સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ (નેત્ર મણી) સાથે વિનામુલ્યે ઓપરેશન કરવા મા આવ્યુ હતુ. ઓપરેશન માટે રાજકોટ જવા-આવવા ની વ્યવસ્થા તથા રહેવા, જમવા, ચા-પાણી, નાસ્તો, ચશ્મા, ટીપા વગેરે સુવિધા વિનામુલ્યે સંસ્થા દ્વારા વ્યવસ્થા કરવા મા આવી રહી છે. પ્રવર્તમાન માસ નો કેમ્પ એક્યુરેટ મેટલ્સ (હ.હીરેનભાઈ પોરીયા, લલીતભાઈ મારૂ, હીરેનભાઈ ટાંક) પરિવાર ના સહયોગથી યોજાયો હતો. મોરબી જલારામ ધામ ખાતે ગત ૫૭ માસ દરમિયાન યોજાયેલ નેત્રમણી કેમ્પમા કુલ ૧૫૯૪૪ લોકોએ લાભ લીધેલ છે તેમજ કુલ ૭૩૧૮ લોકો ના વિનામુલ્યે સફળ નેત્રમણી ઓપરેશન કરવા મા આવેલ છે ત્યારે પ્રવર્તમાન માસે યોજાયેલ કેમ્પ મા કુલ ૨૧૫ લોકોએ લાભ લીધો હતો તેમજ ૮૩ લોકોના વિનામુલ્યે નેત્રમણી ઓપરેશન કરવા માટે રવાના કરવામાં આવ્યા હતા.

કેમ્પને સફળ બનાવવા ગીરીશભાઈ ઘેલાણી, ભાવીનભાઈ ઘેલાણી, અનિલભાઈ સોમૈયા, હરીશભાઈ રાજા, પ્રતાપભાઈ ચગ, હસુભાઈ પુજારા, જયેશભાઈ કંસારા, ચિરાગ રાચ્છ, અમિત પોપટ, નિર્મિતભાઈ કક્કડ, હીતેશ જાની, જીજ્ઞેશભાઈ પોપટ, નરેન્દ્રભાઈ રાચ્છ, જયંતભાઈ રાઘુરા, સંજય હીરાણી, રમણીકલાલ ચંડીભમર, સી.ડી. રામાવત, નીરવભાઈ હાલાણી, પારસભાઈ ચગ, કીશોરભાઈ ચંડીભમર, સંજય હીરાણી, કૌશલભાઈ જાની, મુકુંદભાઈ મીરાણી, નરેન્દ્રભાઈ પાઉ, કીશોરભાઈ ઘેલાણી, અશોકભાઈ જોશી, દીનેશભાઈ સોલંકી, નરશીભાઈ રાઠોડ તથા શ્રી જલારામ સેવા મંડળ, શ્રી જલારામ ધામ મહીલા મંડળ, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના આગેવાનો એ જહેમત ઉઠાવી હતી. દર મહીના ની ૪ તારીખે આ કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા માટે એડવાન્સ બુકીંગ ની કોઈ આવશ્યતા નથી. કેમ્પમા તપાસ માટે દર્દીનુ આધાર કાર્ડ સાથે રાખવુ અનિવાર્ય છે. વધુ માહીતી માટે ગીરીશભાઈ ઘેલાણી-૯૮૨૫૦૮૨૪૬૮, નિર્મિતભાઈ કક્કડ-૯૯૯૮૮ ૮૦૫૮૮, હરીશભાઈ રાજા-૯૮૭૯૨ ૧૮૪૧૫, અનિલભાઈ સોમૈયા-૮૫૧૧૦૬૦૦૬૬ પર સંપર્ક કરવા સંસ્થાએ યાદીમા જણાવ્યુ છે.

### ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીનાં સહયોગથી વિજયા ટીમાણીયા દ્વારા આયોજન

# રાષ્ટ્રીય શાળા ખાતે યોજાયો સાંસ્કૃતિક લોકડાયરો

**સિટી ન્યૂઝ@રાજકોટ**



લોકગાયિકા વિજયા કિશોર ટીમાણીયા દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરનાં આર્થિક સહયોગથી તા.૪ ને શનિવારે સાંજે ૪ કલાકે રાષ્ટ્રીય શાળા ખાતે એક સાંસ્કૃતિક લોકડાયરા યોજાયો હતો. આ કાર્યક્રમમાં લોકગાયિકા વિજયા કિશોર ટીમાણીયા ઉપરાંત પ્રવિણભાઈ આહીર,દિપકરાજ ચાવડા અને દિનેશ બાલાસરાએ લોક સાહિત્ય, લોકગીત, ભજન વગેરેની સુંદર રજુઆત કરી હતી.જેમાં સાજિંદા ગ્રુપ સાથે કાર્યક્રમનું સંકલન કિશોર ટીમાણીયાએ કર્યું હતું. આ કાર્યક્રમમાં કલાકારોએ રજુ કરેલ વિવિધ કૃતિઓ સાંભળીને શ્રોતાઓ રસ તરબોળ થયાં હતાં. ઉપરોક્ત કાર્યક્રમમાં સર્વશ્રી હિતેષભાઈ દિહોરા, જયેશભાઈ ઉપાધ્યાય, સંજયભાઈ સાગઠિયા, દક્ષાબેન વાઘેલા, મુકેશભાઈ પરમાર, નિર્લોકભાઈ પરમાર, રાજદીપસિંહ જાડેજા, પરેશભાઈ પોપટ વગેરે સમાજ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.








**રાજકોટમાં નિધિ એજ્યુકેશન ટ્રસ્ટની પ્રેરણાદાયક પહેલ**

# જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને કરાયું સાયકલ વિતરણ

## નીતિનભાઈ નથવાણી અને પરેશભાઈ પોપટના હસ્તે વિદ્યાર્થીઓને સાયકલ અર્પણ : 'વધુને વધુ લોકો આ સેવાની ભાગીરથીમાં જોડાય' – ટ્રસ્ટના દિનેશભાઈ બળદેવની સમાજને અપીલ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં શિક્ષણ ક્ષેત્રે અને સામાજિક ઉત્કર્ષ માટે સતત કાર્યરત 'નિધિ એજ્યુકેશન ટ્રસ્ટ' દ્વારા સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના ઉમદા હેતુથી સાયકલ વિતરણના પ્રથમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યક્રમમાં જાણીતા આગેવાનો નીતિનભાઈ નથવાણી અને પરેશભાઈ પોપટ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના વરદ્ હસ્તે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સાયકલો અર્પણ કરવામાં આવી હતી. સાયકલ મળતા વિદ્યાર્થીઓના ચહેરા પર અનેરો આનંદ જોવા મળ્યો હતો.

આવા ભગીરથ કાર્યો એકલા હાથે શક્ય ન હોવાનું જણાવી દિનેશભાઈ બળદેવે સમાજના શ્રેષ્ઠીઓ, દાતાઓ અને સામાન્ય નાગરિકોને આ સેવા કાર્યમાં સહકાર આપવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "વધુને વધુ લોકો આ સેવા યજ્ઞમાં જોડાય અને પોતાનું યોગદાન આપે તો આપણે અનેક ગરીબ વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકીશું."

આગામી સમયમાં નિધિ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા શિક્ષણના વ્યાપને વધારવા અને જરૂરિયાતમંદોને પગભર કરવા માટે આવી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વેગવંતી બનાવવામાં આવશે તેવો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓનો ચિતાર આપતા ટ્રસ્ટના આગેવાન દિનેશભાઈ બળદેવે જણાવ્યું હતું કે, નિધિ એજ્યુકેશન ટ્રસ્ટ માત્ર સાયકલ વિતરણ પૂરતું મર્યાદિત નથી, પરંતુ શિક્ષણના ઉત્કર્ષ માટે મુખ્ય ત્રણ મોટા પ્રોજેક્ટ ચલાવી રહ્યું છે.

૧. સાયકલ પ્રોજેક્ટઃ લોકો પાસેથી જૂની અને બિનઉપયોગી સાયકલો એકત્ર કરી, તેને વ્યવસ્થિત રિપેરિંગ કરાવીને જે વિદ્યાર્થીઓને ચાલીને શાળાએ જવું પડે છે તેવા જરૂરિયાતમંદો સુધી પહોંચાડવી.

૨. આર્થિક લોન સહાયઃ શિક્ષણ અને નાના વ્યવસાય માટે જરૂરિયાતમંદ પરિવારોને ૨૦,૦૦૦ સુધીની લોન સહાય પૂરી પાડવી.

૩. ટ્યુશન ફીમાં મદદઃ આર્થિક રીતે નબળા વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓનું શિક્ષણ પૈસાના અભાવે ન અટકે તે માટે તેમને ટ્યુશન ફીમાં સીધી સહાય કરવી.



# સબ-જૂનિયર ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલમાં રાજકોટની ટીમ જાહેર

## મોરબીમાં 6થી 10 જુલાઈ દરમિયાન યોજાનારી U-14 ગર્લ્સ ટુર્નામેન્ટમાં રાજકોટનો પ્રથમ મુકાબલો પાટણ સામે

સિટી ન્યૂઝ@રાજકોટ

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા મોરબી ખાતે તા. ૬થી ૧૦ જુલાઈ દરમિયાન યોજાનારી સબ-જૂનિયર ગર્લ્સ (અંડર-૧૪) ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટ માટે રાજકોટ જિલ્લા ફૂટબોલ એસોસિએશને પોતાની ટીમ જાહેર કરી છે.

રાજકોટનો પ્રથમ મુકાબલો તા. ૭ જુલાઈએ સવારે ૮ વાગ્યે પાટણ સામે રમાશે, જ્યારે બીજો મુકાબલો તા. ૮ જુલાઈએ સવારે ૮ વાગ્યે યજમાન મોરબી સામે રમાશે. તા. ૯ જુલાઈએ સેમિફાઈનલ અને તા. ૧૦ જુલાઈએ ફાઈનલ મેચ યોજાશે.

રાજકોટની ટીમમાં જલ્પા કરીર, શ્રદ્ધા જેઠવા, સ્વરા રામાણી, માનવી વાજા, કેવાંશી જાંબુકીયા, માહી પંચાલા, આર્વી સંઘાણી, દયાના કણઝારા, હિર ખંધેડીયા, હિતીકા ચનીયારા, યાના પીપળીયા, મનીષા ગોહિલ, ક્રિના મોઢકીયા, આલ્યા કાચલીયા, ધ્વનિ કાકાસણીયા, ક્રિશીવા મહેતા, દિયા મહેતા, હિર મુલીયાણા અને વિશ્વા રંગાણીનો સમાવેશ કરવામાં આવ્યો છે. ટીમ મેનેજર તરીકે અશ્માબેન કોચલીયા અને કોચ તરીકે રવિરાજસિંહ ગોહિલ જવાબદારી સંભાળશે.

રાજકોટ જિલ્લા ફૂટબોલ એસોસિએશનના પ્રમુખ ગુણવંતરાય ડેલાવાળા સહિતના હોદ્દેદારો અને સભ્યોએ ટીમના તમામ ખેલાડીઓને ટુર્નામેન્ટ માટે શુભેચ્છાઓ પાઠવી છે.

# ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયાના પ્રયાસોથી અમરેલીમાં ગીરગંગાના તમામ જળ સ્ટ્રકચરો ઓવરફ્લો

સિટી ન્યૂઝ@અમરેલી

**» ચેકડેમો છલકાતા ભૂગર્ભ જળસ્તર ઊંચું આવશે; ખેડૂતોને ઉનાળુ-શિયાળુ પાક માટે મળશે સંજીવની**

અમરેલી જિલ્લામાં તાજેતરમાં પડેલા વ્યાપક વરસાદને પગલે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા નિર્માણ કરાયેલા તમામ ચેકડેમો અને જળ સ્ટ્રક્ચરો સંપૂર્ણપણે ભરાઈ ઓવરફ્લો થયા છે. ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયાના અથાગ પ્રયાસો તેમજ જેટકો-પીજીવીસીએલના આર્થિક સહયોગથી સાકાર થયેલા આ જળસંચય કાર્યો સફળ બનતા ખેડૂતો અને ગ્રામજનોમાં હર્ષની લાગણી છવાઈ ગઈ છે. ચેકડેમોમાં મોટા પ્રમાણમાં પાણીનો સંગ્રહ થતાં આસપાસના વિસ્તારોના કૂવા અને બોરવેલના ભૂગર્ભ જળસ્તરમાં નોંધપાત્ર વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી છે. જેના પરિણામે પીવાના પાણીની સમસ્યામાં રાહત મળશે તેમજ ઉનાળુ અને શિયાળુ પાક માટે પૂરતું સિંચાઈનું પાણી ઉપલબ્ધ બનશે. કપાસ, મગફળી, ઘઉં, જીરું અને ચણા સહિતના પાકના ઉત્પાદન અને ગુણવત્તામાં વધારો થવાની સાથે પશુપાલન ક્ષેત્રને પણ લાભ મળશે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ૧,૧૧,૧૧૧ જળ સ્ટ્રક્ચરોના નિર્માણના સંકલ્પ સાથે સૌરાષ્ટ્રમાં જળસંચયનું અભિયાન ચલાવી રહ્યું છે. ટ્રસ્ટ દ્વારા તૂટેલા ચેકડેમોની મરામત, નવા ચેકડેમોનું નિર્માણ, ડેમોના તળમાંથી ફળદ્રુપ માટી કાઢી ખેડૂતોના ખેતરોમાં પહોંચાડવા સહિતના અનેક કાર્યો લોકભાગીદારી અને દાતાઓના સહયોગથી હાથ ધરવામાં આવી રહ્યા છે. ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રનું વરસાદી પાણી દરિયામાં વહી જતું અટકાવી તેનો મહત્તમ સંગ્રહ કરવો એ જ સંસ્થાનો મુખ્ય સંકલ્પ છે. અમરેલી જિલ્લામાં તૈયાર કરાયેલા ચેકડેમો આજે ઓવરફ્લો થતાં ખેડૂતોના કૂવા-બોર રિચાર્જ થશે અને આગામી સમયમાં સારા પાક સાથે ખેડૂતો આર્થિક રીતે વધુ સમૃદ્ધ બનશે.




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| KUSUMGAR | 08/7 | 10/7 | 398 - 419 | 35 | 14,665 |

| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| HAPPY STEELS | 09/7 | 13/7 | 62 - 66 | 4000 | 2,64,000 |
| DEVSON CATALYST | 09/7 | 13/7 | 112 - 118 | 2400 | 2,83,200 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- એવેન્યુ સુપરમાર્ટ્સ લિ.ની ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં 30 જૂન, ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે તેમ જ પ્રાઈવેટ પ્લેસમેન્ટ દ્વારા સિક્યુરિટીઝ ઈશ્યુ કરી ભંડોળ એકત્ર કરવાના પ્રસ્તાવ અંગે વિચારણા કરવામાં આવશે.
- ટેક્સમેકો રેલ એન્ડ એન્જિનિયરિંગ લિ.એ જણાવ્યું છે કે સાઉથ સેન્ટ્રલ રેલવેએ ઓટોમેટિક બ્લોક સિગ્નલિંગ અને કવચ કાર્યની જોગવાઈ માટે વ્યાપક સિગ્નલિંગ અને ટેલિકોમ્યુનિકેશન કાર્યો માટે રૂ.૨૬.૫૬ કરોડનો સ્વીકૃતિ પત્ર મળ્યો છે.
- ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિ.ની ૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં 30 જૂન, ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.
- દિપક બિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ ઈન્ડિયા લિ.એ જણાવ્યું છે કે કંપનીનેશ્રી કૃષ્ણ આયુષ યુનિવર્સિટી કુરુક્ષેત્ર (હરિયાણા), પ્રોજેક્ટ માટે હરિયાણા સ્ટેટ ઈન્ડસ્ટ્રિયલ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. (એચએસઆઈઆઈડીસી), ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, કરનાલ, હરિયાણા પાસેથી સ્વીકૃતિ પત્ર મળ્યો છે. પ્રોજેક્ટનું મૂલ્ય રૂ.૫૪૮.૭૦ કરોડ છે.
- ટાટા પાવર કંપની લિ.ની સબસિડિયરી ટાટા પાવર રિન્યુએબલ એનર્જી લિ.એ મહારાષ્ટ્રમાં ૧૦૦.૮ મેગાવોટના જેવલી વિંડ પ્રોજેક્ટની સ્થાપના કરી છે.
- એન્વિરો ઈન્ફ્રા એન્જિનિયર્સ લિ.ને ઉત્તર પ્રદેશ જલ નિગમ (રૂરલ) પાસેથી રૂ.૧૩૦.૧૪ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- પોલિકેબ ઈન્ડિયા લિ.ની બોર્ડ મીટિંગ ૧૬ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- એનબીસીસી (ઈન્ડિયા) લિ.ને આશરે રૂ.૧૩૨.૨૮ કરોડના વર્ક ઓર્ડર્સ મળ્યા છે.

DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.

# રાજકોટના શિવરામસિંહ ચૂડાસમાએ WOW Awards Asia 2026માં ગોલ્ડ એવોર્ડ જીત્યો

## 'બેસ્ટ મેલ એમસી ઓફ ધ યર વેડિંગ્સ' એવોર્ડ મેળવનારા ગુજરાતના પ્રથમ એન્કર બન્યા

સટી ન્યૂઝ@મોરબી

રાજકોટના જાણીતા એન્કર અને સાંસ્કૃતિક દૂત શિવરામસિંહ ચૂડાસમાએ ગુજરાત માટે ગૌરવની ક્ષણ સર્જી છે. તેઓ WOW Awards Asia ૨૦૨૬માં 'બેસ્ટ મેલ એમસી ઑફ ધ યર વેડિંગ્સ' શ્રેણીમાં ગોલ્ડ એવોર્ડ મેળવનારા ગુજરાતના પ્રથમ એન્કર બન્યા છે. આ પ્રતિષ્ઠિત સન્માન મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં યોજાયેલા સમારોહમાં એનાયત કરવામાં આવ્યું.

આ એવોર્ડ તેમને અમદાવાદના અગ્રણી ઉદ્યોગપતિ સંજય અગ્રવાલના પુત્ર ધનંજય અને પુત્રવધૂ માનવીના ભવ્ય પાંચ દિવસીય લગ્નોત્સવના અદ્વિતીય સંચાલન બદલ મળ્યો છે. ગણેશ સ્થાપનથી લઈને લાગણીસભર મામેરું, કૃષ્ણાનો સાથવારો, ડાયરો, સંગીત, બારાત અને વરમાળા સુધી દરેક પ્રસંગને તેમણે પોતાની અસરકારક રજૂઆત, સાંસ્કૃતિક અભિવ્યક્તિ અને જીવંત સંવાદોથી યાદગાર બનાવ્યો. ખાસ કરીને દેશ-વિદેશથી આવેલા મહેમાનોને ગુજરાતી અને ભારતીય પરંપરાઓનું મહત્વ



સરળ અને રસપ્રદ રીતે સમજાવવાની તેમની શૈલીને વિશેષ પ્રશંસા મળી.

અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી ત્રણેય ભાષાઓ પર સમાન પકડ ધરાવતા શિવરામસિંહ પોતાની એન્કરિંગમાં સંસ્કૃતના શ્લોકો, સુભાષિતો અને ઉર્દૂની શેર-ઓ-શાયરીને સહજ રીતે ગૂંથીને એક અનોખો અનુભવ સર્જે છે, જેના કારણે તેઓ દેશના સૌથી બહુમુખી એન્કરોમાં સ્થાન ધરાવે છે.

તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલા સોમનાથ સ્વાભિમાન પર્વ જેવા ઐતિહાસિક કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું છે. ઉપરાંત ચિત્રાંગદા સિંહ, અર્જુન કપૂર, વિક્રાંત મેસી, કરણ જોહર, તમન્ના ભાટિયા, રાજકુમાર રાવ, એચ.એચ. શ્રીજી હુઝૂર ડૉ. લક્ષ્યારાજસિંહજી મેવાડ અને સુનીલ શેટ્ટી સહિત અનેક જાણીતી હસ્તીઓ સાથે તેમણે મંચ શેર કર્યો છે. ૭૦મા ફિલ્મફેર એવોર્ડ્સ માટે ધ ટાઇમ્સ ગ્રુપ અને ટૂરિઝમ કોર્પોરેશન ઑફ ગુજરાત લિમિટેડ (ગુજરાત સરકાર) વચ્ચે થયેલા એમઓયુ હસ્તાક્ષર સમારોહમાં પણ તેઓ અધિકૃત વોઇસ અને સંચાલક તરીકે જોડાયા હતા.

ગુજરાતના મુખ્યમંત્રી તથા ઉપમુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાતા અનેક પ્રતિષ્ઠિત સરકારી અને સામાજિક કાર્યક્રમોના તેઓ નિયમિત સંચાલક રહ્યા છે. રાજકોટમાં રહીને રાષ્ટ્રીય સ્તરે આ સિદ્ધિ હાંસલ કરનાર શિવરામસિંહ ચૂડાસમા આજે સમગ્ર સૌરાષ્ટ્રના યુવા કલાકારો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. તેમની આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત સફળતા નથી, પરંતુ ગુજરાતની સંસ્કૃતિ, ભાષા અને વેડિંગ એન્કરિંગને રાષ્ટ્રીય મંચ પર મળેલી એક ગૌરવપૂર્ણ ઓળખ છે.

## મોરબીના રફાળેશ્વરના ગોડાઉનમાં આગ

# નાફેડની 40 કરોડની મગફળી બળીને ખાખ

સટી ન્યૂઝ@મોરબી

મોરબીના રફાળેશ્વર ગામે આવેલ મગફળીના ગોડાઉનમાં આગ ભભૂકી હતી જેને ૨૪ કલાકની જહેમત બાદ ફાયરની ૧૦ ટીમોએ કાબુ મેળવી લીધાની જાહેરાત કરવામાં આવી હતી અને સાંજ સુધી કૂલિંગ કામગીરી ચાલી હતી દરમિયાન મોડી સાંજે ફરી આગની જ્વાળાઓ જોવા મળી હતી અને આગ ફરી બેકાબુ બની જતા ફાયર ટીમો આગ પર કાબુ મેળવવા પ્રયત્નશીલ છે. મોરબીના રફાળેશ્વર ગામે નાફેડ દ્વારા ખરીદી કરેલ અંદાજે રૂ.૪૦ કરોડની કિંમતની ૧,૫૯,૦૦૦ મગફળીની બોરીઓ વેરહાઉસ કોર્પોરેશનના ભાડાના ગોડાઉનમાં રાખવામાં આવી હતી જ્યાં શનિવારે બપોરે આગ લાગતા મોરબી, રાજકોટ અને જામનગર સહીત ૧૦ ફાયરની



ટીમોએ ૨૪ કલાક સુધી ૪૫ લાખ લીટર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો અને કૂલિંગ કામગીરી મોડી સાંજ સુધી કરવામાં આવી હતી જોકે રવિવારે સાંજ આગની જ્વાળાઓ ઉઠી હતી આગ ફરી બેકાબુ બની જતા ફાયર ટીમોએ કામગીરી શરુ કરી હતી ફેક્ટરી શેડ તોડી મગફળીમાં આગ બુઝાવવાની કામગીરી ટીમો કરી રહી છે.

મગફળી ગોડાઉનમાં આગ લાગવા મામલે મોરબી તાલુકા પોલીસ મથકમાં ગોડાઉન મેનેજર એચ જી રાઠોડે નોંધ કરાવી હતી ગોડાઉનમાં ૧.૫૯ લાખ ગુણીઓ રાખવામાં આવી હતી અને મગફળીની કીમત ૪૪ કરોડથી વધુ થતી હોય જે મગફળીના જથ્થામાં આગ લાગી હોવાની પોલીસ મથકમાં નોંધ કરાવી હતી.

આ ઘટનામાં તંત્રની ઘોર બેદરકારી, નિર્ણયશક્તિનો અભાવ અને અનેક રહસ્યમય બાબતો સામે આવતા સ્થાનિક લોકોમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે. જો સમયસર યોગ્ય સાધનો અને ત્વરિત નિર્ણય લેનારા અધિકારીઓ હાજર હોત, તો કરોડો રૂપિયાનો મગફળીનો જથ્થો આસાનીથી બચાવી શકાયો હોત તેવી વિગતો ખુલી છે.

આ અગ્નિકાંડમાં સૌથી મોટો સવાલ ગોડાઉનની ભૌગોલિક સ્થિતિને લઈને ઊભો થયો છે. આ ગોડાઉનમાં કુલ ૭ દરવાજા અને બારીઓ એવી રીતે સંપૂર્ણપણે બંધ અને સીલ હતા કે અંદર હવા પણ ન જઈ શકે. આ ઉપરાંત, સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ આખી જગ્યા પર લાઈટનું કોઈ કનેક્શન પણ ન હતું. વાયરીંગ કે વીજળી જ ન હોવા છતાં આ બંધ ગોડાઉનની અંદર આટલી ભયાનક આગ કઈ રીતે ફાટી નીકળી, તે અત્યારે ભારે રહસ્ય સર્જી રહ્યું છે અને આ બાબત સીધી શંકાના દાયરામાં આવે છે.

આ ગોડાઉનમાં નાફેડ દ્વારા ટેકાના ભાવે ખરીદાયેલી અંદાજે ૧.૫૯ લાખ બોરી મગફળી રાખવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર બળીને ખાખ થયેલા આ જથ્થાની કિંમત આશરે ૪૦ કરોડ રૂપિયાથી વધુ થાય છે. જો શરૂઆતમાં જ લોડર અને જેસીબીની વ્યવસ્થા થઈ ગઈ હોત, તો સળગતો જથ્થો અને સુરક્ષિત જથ્થો અલગ કરી શકાયો હોત. પરંતુ તંત્રના અણઘડ આયોજનના કારણે લોડર રવિવારે સવારે ઘટનાસ્થળે પહોંચ્યું હતું. સવારથી જથ્થો બહાર કાઢવાની કામગીરી શરૂ કરાઈ છે ખરી, પરંતુ બહાર નીકળતી મોટાભાગની મગફળી પલળેલી અને સળગી ગયેલી કોલસા જેવી હાલતમાં જોવા મળી રહી છે.